RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 62* Date: 28.12.2020 Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

વડાપ્રધાન મોદીએ વર્ષ ૨૦૨૦ની છેલ્લી 'મન કી બાત' દ્વારા લોકોને સંભોધતા કહ્યું

## દરેક ઘરમાં 'વોકલ ફોર લોકલ' ગૂંજી રહ્યું છે

### પીએમ મોદીએ અબુલ ફઝલને યાદ કર્યા, કાશ્મીરી કેસરના કર્યા વખાણ, આત્મનિર્ભર ભારત માટે વર્લ્ડ લેવલની પ્રોડક્ટ બનાવવી જરૂરી



*(જી.એન.એસ.)વોશિંગટન,તા.૨૭*

વડાપ્રધાન મોદીએ વર્ષ ૨૦૨૦ની અંતિમ મન કી બાત કાર્યક્રમ દ્વારા સંબોધતા લોકોને ફરી લોકલ ફોર વોકલ માટેની વાત કરી. વડાપ્રધાનેકાર્યક્રમને સંબોધન કરતાં કહ્યું કે નવું વર્ષ ચાર દિવસ પછી શરૂ થવા જઈ રહ્યું છે. આગામી વર્ષે નવા વર્ષની મન કી બાત થશે. વર્ષ ૨૦૨૦નો આ મોદીનો છેલ્લો 'મન કી બાત' કાર્યક્રમ હતો. આજે ૨૭ ડિસેમ્બર છે. ૪ દિવસ પછી નવું વર્ષ શરૂ થવા જઈ રહ્યું છે. આગામી મન કી બાત ૨૦૨૧માં થશે. મારી સામે તમારા લખેલા ઘણા બધા પત્રો આવ્યા છે. આપ પત્ર દ્વારા સૂચનો મોકલો છો. ઘણા લોકોએ ફોન પર વાત કરી. મોટાભાગની વાતોમાં પાછલા વર્ષોના અનુભવ અને નવા વર્ષનાં સંકલ્પો છે. મોદીએ મન કી બાતમાં સંબોધન કરતાં કહ્યું કે, મિત્રો, દેશ પર ઘણું સંકટ આવ્યું, વિશ્વમાં સપ્લાય ચેઈનમાં અવરોધો પણ આવ્યા, પરંતુ આપણે દરેક કટોકટીનો હિંમતથી સામનો કર્યો છે. દિલ્હીના અભિનવને બાળકોને ગિફ્ટ આપવી હતી તે દિલ્હીના ઝાંડેવાલાન માર્કેટમાં ગયા હતા. અભિનવ કહે છે કે ત્યાં દુકાનદારો ત્યાં બોલીને સામાન વેચતા હોય છે કે આ રમકડા ભારતમાં બનાવવામાં આવે છે. લોકોને ભારતમાં બનાવેલા રમકડા પણ પસંદ આવી રહ્યા છે. આ ફેરફાર એક વર્ષમાં થયો છે. અર્થશાસ્ત્રીઓ પણ આ સ્કેલને માપી શકતા નથી. વિશાખાપટ્ટનમના વેંકટ મુરલીપ્રસાદ જીએ મને એક અલગ વિચાર શેર કર્યો. તેઓ લખે છે- હું તમને ૨૦૨૧ માટે મારા એબીસી સાથે જોડું છું. એબીસીનો અર્થ શું છે તે મને સમજાયુ નહીં. પછી વેંકટ જીએ પત્ર સાથે એક ચાર્ટ પણ જોડ્યો. એબીસીનો અર્થ આત્મનિર્ભર ભારત ચાર્ટ એબીસી. જે ખૂબ જ રસપ્રદ છે. વોકલ ફોર લોકલ તે આજે ઘરે ઘરે ગુંજી રહ્યું છે. આવી સ્થિતિમાં, હવે આપણાં ઉત્પાદનો વર્લ્ડ ક્લાસ છે તેની ખાતરી કરવાનો સમય છે. જે વૈશ્વિક શ્રેષ્ઠ છે, આપણે તેને ભારતમાં બનાવીને બતાવીએ. આ માટે, આપણાં ઉદ્યોગસાહસિકોએ આગળ આવવું પડશે.

સ્ટાર્ટઅપ્સને પણ આગળ આવવું પડશે. ભારતમાં દીપડાઓની સંખ્યામાં વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૮ની વચ્ચે ૬૦%થી વધુનો વધારો થયો છે. ૨૦૧૪માં દેશમાં દીપડાની સંખ્યા લગભગ ૭,૯૦૦ હતી, જ્યારે ૨૦૧૯માં તેની આ સંખ્યા વધીને ૧૨,૮૫૨ થઈ ગઈ. દીપડા વિશે, જિમ કોર્બેટે કહ્યું હતું કે, ×જેમણે દીપડાને મુક્તપણે ભટકતા જોયા નથી, તેઓ તેની સુંદરતાની કલ્પના કરી શકતા નથી.× દીપડાઓની સૌથી વધુ વસ્તી ધરાવતા રાજ્યોમાં મધ્યપ્રદેશ, કર્ણાટક અને મહારાષ્ટ્ર ટોપ પર છે. આ એક મોટી સિદ્ધિ છે. મોદીએ કહ્યું કે મેં તામિલનાડુના હાર્દિકના હૃદયસ્પર્શી પ્રયત્નો વિશે વાંચ્યું. આપણે બધાએ માણસોવાળી વ્હીલચેર્સ જોઇ છે, પરંતુ કોઈમ્બતુરની એક પુત્રી ગાયત્રીએ તેના પિતાજીની સાથે એક પીડિત કૂતરા માટે વ્હીલચેર બનાવી. આ ત્યારે જ થઈ શકે છે જ્યારે વ્યક્તિ દરેક જીવ પ્રત્યે દયા અને કરુણાનો ભાવ રાખે. ઉત્તરપ્રદેશની કૌશાંબી જેલમાં ગાયોને ઠંડીથી બચાવવા માટે જુના ફાટેલા ધાબળામાંથી કવર બનાવવામાં આવી રહ્યા છે.

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના માત્ર ૧૮ હજાર ૫૭૫ સંક્રમિત કેસ નોંધાયા

ન્યુ દિલ્હી,તા.૨૭

દેશમાં કોરોનાના દર્દી ફક્ત સાજા જ નથી થઈ રહ્યાં, પણ હવે નવા કેસમાં પણ ઘટાડો થઈ રહ્યો છે. શનિવારે માત્ર ૧૮ હજાર ૫૭૫ નવા દર્દી નોંધાયા. ૨૧ હજાર ૪૬૬ સાજા થઈ ગયા, જ્યારે ૨૮૦ લોકોના મોત થઈ ગયા. એક્ટિવ કેસમાં ૩૧૮૧નો ઘટાડો થયો. એક્ટિવ કેસનો અર્થ જે દર્દીઓની સારવાર ચાલી રહી છે. ડિસેમ્બરમાં ત્રીજી વખત છે, જ્યારે નવા કેસ ૨૦ હજારથી ઓછા નોંધાયા છે. આ પહેલા ૧૬ ડિસેમ્બરે ૧૮ હજાર ૧૭૨ દર્દી મળ્યા, ૨૧ ડિસેમ્બરે ૧૯ હજાર ૧૪૭ અને ૨૬ ડિસેમ્બરે ૧૮ હજાર ૫૭૫ દર્દીઓનો રિપોર્ટ પોઝિટીવ નોંધાયો. આ પહેલા ૧લી જુલાઈએ ૧૯ હજાર ૪૩૦ કેસ નોંધાયા હતા. પછી ૧૫ ડિસેમ્બર સુધી એક વાર પણ આ આંકડો ૨૦ હજારથી ઓછો નથી થયો. દેશમાં અત્યાર સુધી ૧.૦૧ કરોડ કેસ નોંધાઈ ચૂક્યાં છે. ૯૭.૬૦ લાખ દર્દી સાજા થઈ ચૂક્યાં છે. જ્યારે ૧.૪૭ લાખ લોકોના મોત થઈ ચૂક્યાં છે. હવે એક્ટિવ દર્દીઓના કેસમાં ભારત હવે દુનિયાનો ૧૦મો દેશ બની ગયો છે. અહીં હવે ૨.૮૦ લાખ એક્ટિવ દર્દી છે. આ કેસમાં અમેરિકા પહેલા નંબરે છે. અહીં સૌથી વધુ ૭૬ લાખ એક્ટિવ કેસ છે. કોરોના વેક્સિનના આવવાના એંધાણ વચ્ચે કેન્દ્રીય શિક્ષણ મંત્રી રમેશ પોખરિયાલ નિશંકે શનિવારે મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, આગામી વર્ષે યોજાનારી સીબીએસઈ બોર્ડ પરીક્ષાઓનું ટાઈમ ટેબલ ૩૧ ડિસેમ્બરે જાહેર કરી દેવાશે. બ્રિટનમાં મળેલા કોરોનાના નવા સ્ટ્રેનને અટકાવવા માટે શનિવારે કોવિડ-૧૯ પર બનાવાયેલી નેશનલ ટાસ્ક ફોર્સની બેઠક યોજાઈ. જેમાં સ્વાસ્થ્ય વિભાગ નીતિ આયોગ અને આઈસીએમઆરના નિષ્ણાત સામેલ થયા. તમામે કોરોનાના નવા સ્ટ્રેન પ્રમાણે દેશમાં ટેસ્ટિંગ, ટ્રીટમેન્ટ અને સર્વિલાન્સ અંગે વાતચીત કરી. તેલંગાણા અને ઈન્દોરમાં બ્રિટનથી આવતા ૨-૨ યાત્રિ કોરોના સંક્રમિત થયા છે. પશ્ચિમ બંગાળમાં ૧૦માંની બોર્ડની પરીક્ષા ૧થી ૧૦ જૂન સુધી યોજાશે. એજ્યુકેશન બોર્ડ તેના માટે નોટિફીકેશન જાહેર કરી દીધું છે. અહીં શનિવારે ૬૫૫ લોકો કોરોના પોઝિટીવ થયા. ૯૮૮ લોકો સાજા થયા અને ૨૩ લોકોના મોત થયા. અત્યાર સુધી ૬ લાખ ૨૨ હજાર ૯૪ લોકો સંક્રમણના સકંજામાં આવી ચૂક્યાં છે. જેમાં ૬ લાખ ૪ હજાર ૭૪૬ લોકો સાજા થઈ ચૂક્યાં છે, જ્યારે ૬૯૧૧ની સારવાર ચાલી રહી છે. સંક્રમણથી જીવ ગુમાવનારની સંખ્યા હવે ૧૦ હજાર ૪૩૭ થઈ ગઈ છે. રાજ્યમાં શનિવારે ૧૦૦૬ લોકો કોરોના સંક્રમિત થયા છે. ૧૧૨૯ સાજા થયા અને નવ લોકોના મોત થયા છે. અત્યાર સુધી ૨.૩૭ લાખ લોકો સંક્રમણના સકંજામાં આવી ચૂક્યાં છે. જેમાંથી ૨.૨૩ લાખ સાજા થઈ ચૂક્યા છે. ૩૫૪૫ લોકોના મોત થયા છે, ૧૦ હજાર ૩૨૯ની સારવાર ચાલી રહી છે.

## શરતો સાથે મંગળવારે સવારે સરકાર સાથે બેઠક કરશે અંદોલનકારી ખેડૂતો

ન્યુ દિલ્હી,તા.૨૭

નવા કૃષિ કાયદાના વિરોધમાં દેશભરના ખેડૂત ૩૨ દિવસથી દિલ્હી બોર્ડર પર એકઠા થયા છે. ખેડૂત સંગઠન કાયદો પાછો લેવા માટે જીદ પર અડગ છે. તેમનું કહેવું છે કે તે કાયદામાં કોઈ પણ પ્રકારના સુધારા માટે તૈયાર નથી, સરકારે તેને પાછા લેવા પડશે. આ બધાની વચ્ચે ખેડૂત સંગઠનોએ લોકોને અપીલ કરી છે કે પીએમ જેટલો સમય આ કાર્યક્રમમાં બોલશે, તમામ તાળી-થાળી વગાડીને વિરોધ વ્યક્ત કરશો. આ પહેલા શનિવારે ખેડૂત સંગઠન સરકાર સાથે વાતચીત કરવા માટે તૈયાર થયા હતા. સંયુક્ત કિસાન મોરચાએ નક્કી કર્યું હતું કે, વાતચીત ફરી શરૂ કરવામાં આવશે. ખેડૂતોએ સરકાર સાથે મીટિંગ માટે ૨૯ ડિસેમ્બરે સવારે ૧૧ વાગ્યાનો સમય આપ્યો છે, પણ ૪ શરતો રાખી છે.

કમિશન ફોર ધ એર ક્વોલિટી મેનેજમેન્ટ ઓર્ડિનેન્સ હેઠળ સજાના પ્રોવિજન ખેડૂતો પર લાગૂ ન થાય. ઓર્ડિનેન્સમાં સુધારો કરીને નોટિફાઈ કરવામાં આવે. આંદોલન વચ્ચે વડાપ્રધાન મોદી સોમવારે વીડિયો કોન્ફરન્સ દ્વારા ૧૦૦મી ખેડૂત રેલવેને લીલી ઝંડી આપીને રવાના કરશે. આ કાર્ગો ટ્રેન મહારાષ્ટ્રના સંગોલાથી પશ્ચિમ બંગાળના શાલીમાર જશે. આ મલ્ટી કમોડિટી ટ્રેન ફુલાવર, શિમલા મરચા, મરચા અને ડુંગળી સાથે સંતરા, દાડમ, કેળા, સફરજન વગેરે લઈને જશે.વડાપ્રધાન કાર્યાલયે આ માહિતી આપી. આંદોલનથી પાછા આવેલા હોશિયારપુરના ખેડૂતનું હાર્ટએટેક અને તલવંડી સાબોના ખેડૂતનું ઠંડીથી મોત થઈ ગયું છે.

એક મહિનાથી કૃષિ કાયદાના વિરોધમાં દિલ્હી ખેડૂત આંદોલનમાં ગયેલા હોશિયારપુર જિલ્લાના ગામ રડાના એક ખેડૂતનું ઘરે પાછા ફરતી વખતે હાર્ટએટેકથી મોત થયું હતું. મૃતક ખેડૂતની ઓળખ ભૂપિંદર સિંહ પુત્ર મોહન સિંહ તરીકે થઈ છે. તો આ તરફ તલવંડી સાબોના ગામ ભાગીવાંદરના ગુરપ્યાર સિંહનું ઠંડીના કારણે શુક્રવારે રાતે ઘરમાં મોત થયું. તે ૨૦ દિવસથી ટિકરી બોર્ડર પર સેવા આપી રહ્યાં હતા. મોરચામાં ઠંડી લાગી ગઈ હતી.ગુરુવારે હાલત ગંભીર થઈ જતા ઘરે લઈ જવાયા, જ્યાં શુક્રવાર મોડી રાતે તેમનું નિધન થઈ ગયું.

## દેશના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કોરોના રિકવરી રેટ ૯૦%થી વધુ

ન્યુ દિલ્હી,તા.૨૭

નવા વર્ષે એટલે ૨૦૨૧માં કોરોના મહામારી માંથી છૂટકારો મળવાની આશા વધી રહી છે. એકબાજુ ભારતમાં જ્યાં કોરોના વેક્સીનની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે ત્યાં હવે સંક્રમણની ઝડપ પર પણ બ્રેક લાગતી દેખાય રહી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના મતે દેશમાં કોરોનાના દર્દીઓના સ્વસ્થ થવાની સંખ્યા ઝડપથી વધવાની સાથે જ એક્ટિવ કેસની સંખ્યામાં સતત ઘટાડો આવ્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના મતે દેશના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં હવે કોરોના રિકવરી રેટ ૯૦ ટકાથી વધુ પહોંચી ગયો છે. ભારતમાં અત્યારે કુલ ૨.૭૭ ટકા એક્ટિવ કેસ છે. ભારતમાં કોરોના દર્દીઓના સાજા થવાનો આંકડો ૯૭ લાખ ૪૦ હજારથી ઉપર પહોંચી ગઇ છે. સ્વાસ્થ્ય મંત્રાલયના મતે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં સાજા થવાનો દર ૯૦ ટકાથી વધુ છે. જેમાં ૭૩.૫૬ ટકા સાજા થનાર દર્દી ૧૦ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી છે. કેન્દ્રીય સ્વાસ્થય મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા તાજેતરના આંકડા પ્રમાણે ભારતમાં છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાના ૧૮૭૩૨ નવા કેસ સામે આવ્યા છે. જ્યારે ૨૭૯ કોરોના દર્દીઓના મોત થયા છે. તો આ દરમ્યાન ૨૧૪૩૦ કોરોના દર્દીઓને હોસ્પિટલમાંથી રજા મળી છે.

દેશમાં અત્યાર સુધીમાં કોરોના દર્દીઓની કુલ સંખ્યા – ૧,૦૧,૮૭,૮૫૦

ભારતમાં કોરોનાથી મૃત્યુઆંક – ૧,૪૭,૬૨૨

દેશમાં અત્યાર સુધીમાં સાજા થનાર દર્દીઓની સંખ્યા – ૯૭,૬૧,૫૩૮

દેશમાં હાલમાં એક્ટિવ કેસની સંખ્યા – ૨,૭૮,૬૯૦

## ૨૦૩૦ સુધીમાં ભારત બનશે દુનિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા- રિપોર્ટ




ન્યુ દિલ્હી,તા.૨૭

દુનિયાભરમાં ફેલાયેલા કોરોના વાયરસની વચ્ચે એક સારા સમાચાર આવ્યા છે. વર્ષ ૨૦૨૫ સુધી ભારત ફરી એકવાર દુનિયાની પાંચ સૌથી મોટી અર્થવ્યવસ્થામાં સામેલ થઈ જશે અને બ્રિટન છઠ્ઠા નંબર પર પહોંચી જશે. રિપોર્ટમાં અનુમાન લગાવવામાં આવ્યું છે કે ઈન્ડિયન ઈકોનોમી ઝડપથી રિકવર કરશે. આ ઉપરાંત વર્ષ ૨૦૩૦ સુધી ભારત દુનિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા પૈકી એક હશે. નોંધનીય છે કે, હાલના સમયમાં ભારત દુનિયાની છઠ્ઠી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. બ્રિટનના પ્રમુખ સેન્ટર ફોર ઈકોનોમિક્સ એન્ડ બિઝનેસ રિસર્ચએ શનિવારે પ્રકાશિત એક વાર્ષિક રિપોર્ટમાં જણાવ્યું કે કોરોના મહામારીના કારણે દેશની અર્થવ્યવસ્થાને મોટો આંચકો લાગ્યો છે. પરંતુ તમામ દેશ ધીમે-ધીમે રિકવર થઈ રહ્યા છે. વર્ષ ૨૦૧૯માં ભારતે બ્રિટનને પછાડી દીધું હતું,પરંતુ મહામારીના કારણે ફરી એકવાર બ્રિટન ભારતને પછાડીને આગળ જતું રહ્યું છે. રિપોર્ટ મુજબ, બ્રિટન ૨૦૨૪ સુધી ભારતથી આગળ રહી શકે છે. એવું માનવામાં આવી રહ્યું છે કે ૨૦૨૧માં ભારતની વૃદ્ધિ ૯ ટકા અને ૨૦૨૨માં ૭ ટકા રહેશે. સીઈબીઆરનું માનવું છે કે ભારત ધીમે-ધીમે આર્થિક રીતે મજબૂત થઈને આગળ વધશે. ૨૦૨૫માં તેનો વાર્ષિક વૃદ્ધિ દર ૫.૮% જ હશે. આ ગ્રોથના કારણે ભારત ૨૦૩૦ સુધી ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થાવાળો દેશ બનશે. સીઈબીઆરના પૂર્વાનુમાનમાં કહ્યું છે કે આ વૃદ્ધિથી ભારત ૨૦૩૦ સુધી દુનિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. સીઈબીઆરએ કહ્યું કે મહામારી ભારત માટે એક માનવીય અને આર્થિક 'તબાહી' રહી છે.

## કાશ્મીરમાં સુરક્ષા દળોનું મોટું ઓપરેશન: ૩ આતંકીઓ ઠાર, ૨ જીવતા ઝડપાયા

શોપિયા,તા.૨૭

જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષાદળોએ એક્રાઉન્ટરમાં કુલ ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા હતા. બે જવાનો ઘાયલ થયા હતા. સુરક્ષાદળોએ સર્ચ ઓપરેશનમાં કાશ્મીરમાંથી ત્રણ આતંકવાદીઓને પકડી લીધા હતા. શસ્ત્રો અને વિસ્ફોટકોનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો. જમ્મુ-કાશ્મીરના શોપિયાઁમાં સુરક્ષાદળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આખા વિસ્તારને કોર્ડન કર્યો હતો. એ વખતે આતંકવાદીઓએ સુરક્ષાદળોને નિશાન બનાવીને અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું, એ પછી સુરક્ષાદળોના વળતા જવાબમાં એક પછી એક ત્રણ આતંકવાદીઓ ઠાર થયા હતા.

આતંકવાદીઓ સાથેના ફાયરિંગ વખતે બે જવાનો ઘાયલ થયા હતા. સૈન્ય અધિકારીઓના કહેવા પ્રમાણે સામ-સામા ફાયરિગમાં આતંકવાદીઓ ઠાર થયા હતા. બીજી તરફ બે જવાનો પણ ઘાયલ થયા હતા. ઘાયલ જવાનોની સ્થિતિ સુધારા પર હોવાનું કહેવાયું હતું. જમ્મુ-કાશ્મીરમાં સર્ચ ઓપરેશન દરમિયાન કુલ ત્રણ આતંકવાદીઓ અલગ અલગ સ્થળોએથી પકડાયા હતા. જમ્મુમાંથી બે આતંકવાદીઓ શસ્ત્ર અને વિસ્ફોટક સામગ્રી સાથે પકડાયા હતા. તે ઉપરાંત પુલવામામાં પણ સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું, જેમાં એક આતંકવાદી શસ્ત્રોના જથ્થા સાથે પકડાયો હતો. બીજી તરફ પાકિસ્તાનના નાપાક સૈન્યએ એલઓસી અને આંતરરાષ્ટ્રીય સરહદે બેફામ તોપમારો કર્યો હતો. ભારતીય ચોકીઓને અને સરહદી ગામડાંઓના નિશાન બનાવીને પાકિસ્તાની લશ્કરે ગોળીબાર ચાલુ રાખ્યો હતો.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

કોરોના નવા કેસની સંખ્યા:૮૫૦

રાજ્યમાં કુલ કેસનો આંકડો

પહોંચ્યો : ૨૪૧૮૪૫

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

લોકોનાં મૃત્યુ: ૦૭

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા

દર્દીઓની સંખ્યા :૯૨૦

ગુજરાતમાં સાજા થયેલા કુલ

દર્દીઓની સંખ્યા : ૨૨૭૨૨૮

## બ્રિટનના કોરોના સ્ટ્રેને સીમાડા વટાવ્યા, ફ્રાન્સ, સ્પેન, સ્વીડન અને જાપાન પહોંચ્યો

ન્યુ દિલ્હી,તા.૨૭

૨૦૨૦ના પ્રારંભથી સમગ્ર વિશ્વમાં પ્રસરેલા કોરોના વાઈરસથી સંક્રમિત થયેલા લોકોની સંખ્યા ૮ કરોડને પાર થઈ ગઈ છે. સમગ્ર વિશ્વમાં અત્યાર સુધીમાં ૮,૦૨,૮૮,૪૫૫ લોકો કોરોના વાઈરસથી સંક્રમિત થઈ ચૂક્યાં છે. બ્રિટનમાં કોરોના વાઈરસનો વધુ ઘાતકી અને ચેપી સ્ટ્રેન સામે આવતાં વિશ્વભરમાં કોરોના સંક્રમણનો ખતરો એકાએક વધી ગયો છે. ફ્રાન્સના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર બ્રિટનમાં તાજેતરમાં ઉદ્દભવેલા નવા કોરોના વાઈરસનો પહેલો કેસ ફ્રાન્સમાં નોંધાયો છે. ૧૯મી ડિસેમ્બરે લંડનથી ફ્રાન્સ પહોંચેલા ફ્રેન્ચ નાગરિકના ટેસ્ટમાં કોરોનાનો નવો સ્ટ્રેન મળી આવ્યો હતો. બ્રિટનની નજીક આવેલા આયરલેન્ડમાં પણ નવા સ્ટ્રેનનો પહેલો કેસ સામે આવ્યો છે. આયરલેન્ડની સરકારે દેશમાં શુક્રવારથી ૧૨ જાન્યુઆરી સુધી તાત્કાલિક લોકડાઉનની જાહેરાત કરી હતી. તેવી જ રીતે બ્રિટનથી સુદૂર પૂર્વમાં આવેલા જાપાનમાં કોરોનાના નવા સ્ટ્રેનના પાંચ કેસ સામે આવ્યાં છે. બ્રિટનથી તાજેતરમાં જ આ સંક્રમિતો જાપાન પરત ફર્યાં હતાં. સ્પેનના મેડ્રિડમાં પણ બ્રિટિશ સ્ટ્રેનના ૪ કેસ સામે આવ્યાં છે.

## તંત્રી સ્થાનેથી...

# WHOની ચેતવણી: કોરોનાએ છેલ્લી મહામારી નહીં




**વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનએ કહ્યું છે કે કોરોના વાઇરસ વિશ્વની છેલ્લી મહામારી નથી. જલવાયું પરિવર્તન અને પ્રકૃતિની સુરક્ષાના ઉપાય કર્યા વિના માનવ સ્વાસ્થ્યને સુધારવાના પ્રયત્નો સફળ ન થઈ શકે. "હું"નાં ચીફ ટેડ્રોસ ગેબ્રયેસસે કહ્યું કે કોરોના સામેની લડતમાં, ફક્ત રૂપિયાના ખર્ચા કરવાથી કંઇ પણ થશે નહીં. આપણે ભવિષ્ય માટેની તૈયારી પણ કરવી પડશે. કોરોના વાયરસને છુપાવામાં ચીન ની મદદના આરોપોથી ઘેરાયેલા વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના પ્રમુખ ટેડ્રોસ અધનોમએ ચેતવણી આપી છે કે કોવિડ-૧૯ મહામારી છેલ્લી નથી. તેમણે કહ્યું કે જળવાયુ પરિવર્તનને રોકયા વગર અને પશુઓના કલ્યાણ વગર વ્યક્તિના સ્વાસ્થ્યને સુધારવાનો પ્રયાસ નકામો છે. તેમણે કહ્યું કે દુનિયા 'ખતરનાક રીતે કંઇપણ લાંબુ વિચાર્યા વગર' કોરોના વાયરસને રોકવામાં પૈસા ઉડાડી રહ્યું છે પરંતુ કોઇપણ દેશ આગળની મહામારી માટે તૈયાર નથી.**

**ટેડ્રોસ એ રવિવારના રોજ આંતરરાષ્ટ્રીય મહામારી તૈયારી દિવસ પર આપેલ પોતાના એક વીડિયો મેસેજમાં કહ્યું કે અત્યારનો સમય કોરોના વાયરસ મહામારીમાંથી પાઠ શીખવવાનો છે. તેમણે કહ્યું કે લાંબા સમયથી દુનિયા એ ભય અને ઉપેક્ષાના એક ચક્રમાં કામ કર્યું છે. આપણે મહામારી આવવા પર પૈસા ઉડાવી દઇએ છીએ અને જ્યારે આ ખત્મ થઇ જાય છે તો આપણે એ ભૂલી જઇએ છીએ કે આગળની મહામારીને રોકવા માટે આપણે કંઇ કરતા નથી. આ ખતરનાક રીતે ખૂબ જ નાની વિચારસરણી છે અને સ્પષ્ટપણે સમજવામાં કઠિન છે. કોરોના વાયરસના થોડાંક મહિના પહેલા સપ્ટેમ્બર ૨૦૧૯માં આવેલ હેલ્થ ઇમરજન્સી પર વૈશ્વિક તૈયારી દેખરેખ રિપોર્ટમાં કહ્યું હતું કે આ ધરતી વિનાશકારી મહામારી માટે ખૂબ જ અફસોસજનક રીતે તૈયાર છે.**

**ટેડ્રોસે કહ્યું કે ઇતિહાસ આપણને બતાવે છે કે આ છેલ્લી મહામારી હશે નહીં અને મહામારી જીવનનું એક સત્ય છે. મહામારી બતાવે છે કે મનુષ્ય, પ્રાણીઓ અને ધરતીના સ્વાસ્થ્યની વચ્ચે ઉંડો સંબંધ છે. "હું" ચીફે કહ્યું કે વ્યક્તિના સ્વાસ્થ્યને સુધારવાનો કોઇ પણ પ્રયાસ ત્યાં સુધી નકામો છે જ્યાં સુધી કે વ્યક્તિ અને પ્રાણીની વચ્ચે મહત્વપૂર્ણ ઇંટરફેસને ઉકેલવામાં ના આવે. સાથો સાથ જળવાયુ પરિવર્તનની જગ્યાએ આપણા અસ્તિત્વ પર ખતરો ઉભો થયો છે અને આ આપણી પૃથ્વીને ઓછી રહેવા યોગ્ય બનાવી રહ્યું છે. આપને જણાવી દઇએ કે કોરોના વાયરસથી અત્યાર સુધીમાં દુનિયાભરમાં ૧૭ લાખ ૫૦ હજાર લોકોના મોત થયા છે અને ચીનમાં તે સામે આવ્યા બાદ ૮ કરોડ લોકો તેનાથી સંક્રમિત થઇ ચૂકયા છે.**

### આર્ષ' અક્ષરધામ, પ્રવચનમાળા અંતર્ગત

# 'સદગુરુ પૂ. મુક્તાનંદ સ્વામીની પ્રેરક-જીવનગાથા' વિષય ઉપર ૯૪ મું પ્રવચન યોજાયું

## મુક્તાનંદ સ્વામી ઉત્તમ મુમુક્ષુ, બ્રહ્મચર્યનિષ્ઠ, આજ્ઞાપાલનમાં તત્પર, મર્યાદા મૂર્તિ, વૈરાગી છતાં પ્રેમી તથા સ્વામિનારાયણ સંપ્રદાયનું રત્ન હતા. - : પૂ. કૃષ્ણપ્રિયદાસ સ્વામી



ગાંધીનગર

'આર્ષ' શોધ સંસ્થાન અક્ષરધામ ગાંધીનગર દ્વારા વિશ્વવંદનીય સંત પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને પ. પૂ. મહંતસ્વામી મહારાજના કૃપાશિષ હેઠળ છેલ્લા ૨૩ વર્ષથી ગંગાના પ્રવાહની જેમ વહેતી આર્ષ પ્રવચનમાળામાં ભારતીય મૂલ્યોનું સંવર્ધન થાય, તે હેતુને લક્ષમાં રાખીને વિદ્વાનો દ્વારા વ્યક્તિ વિશેષ, સામાજિક સમસ્યા, દર્શન અને શાસ્ત્ર : વિષયો આવરી ત્રૈમાસિક પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં વ્યક્તિ વિશેષ વિષયના ભાગરૂપ 'આર્ષ' અક્ષરધામ દ્વારા 'સદગુરુ પૂ. મુક્તાનંદ સ્વામીની પ્રેરક-જીવનગાથા' ઉપર ૯૪માં પ્રવચનનું આયોજન ઈન્ટરનેટના માધ્યમથી ઓનલાઈન લાઈવ તા. ૨૬-૧૨-૨૦૨૦ના રોજ સાંજે ૫ થી ૭ સમય દરમ્યાન યોજાયું હતું. આ પ્રસંગે બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, નવસારીના સંગીતજ્ઞ સંત પૂ. કૃષ્ણપ્રિયદાસ સ્વામીએ તથા અક્ષરપુરુષોત્તમ આંતરરાષ્ટ્રીય સત્સંગ પ્રવૃતિના, સંયોજકશ્રી, પૂ. સદગુરુ સંત ઈશ્વરચરણ સ્વામીએ આશીર્વચન સહ વક્તવ્યનો લાભ આપ્યો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ઓનલાઈન પ્રવચનમાં મોટી સંખ્યામાં શ્રોતાઓ જોડાયા હતા.

'સદગુરુ પૂ. મુક્તાનંદ સ્વામીની પ્રેરક-જીવનગાથા' વ્યક્તિવિશેષ વિષય પર મુક્તાનંદ સ્વામીના સત્યશોધક અભિપ્રાય વિષે જણાવતાં પૂ. કૃષ્ણપ્રિયદાસ સ્વામીએ જણાવ્યું હતું કે, ભગવાન સ્વામિનારાયણ કહે છે કે, જ્યારે ભગવાન આ લોકમાં જીવના કલ્યાણના અર્થે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને ઐશ્વર્ય સહિત જ પધારે છે. એમાંના અનેક મુક્તોમાંના એક સદગુરુ મુક્તાનંદ સ્વામી હતા. જેમ ઈશુ ખ્રિસ્તના બાર એપોસ્ટલ્સ હતા, મહાવીર પ્રભુના અગિયાર ગણધર હતા, બુદ્ધ ભગવાનના પાંચ ભિક્ષુઓ હતા, શંકરાચાર્યના ચાર પટ્ટ શિષ્ય હતા, શીખ સંપ્રદાયના પંચ પ્યારે હતા, વલ્લભાચાર્યના અષ્ટ સખા હતા. એમ ભગવાન સ્વામિનારાયણના અષ્ટ સંત કવિઓ હતા. તે સહુ તે તે ધર્મમાર્ગમાંના સ્તંભ સમાન હતા. એમને માથે ધર્મના મહેલ રચાયા અને આજે પણ ઊભા છે.

મુક્તાનંદ સ્વામીનો જન્મ અમરેલી જિલ્લામાં અમરાપર ગામમાં સને ૧૭૫૭ની સાલમાં થયેલો. બાળપણનું નામ મુકુંદદાસ હતું. પિતાનું નામ આનંદરામ અને માતાનું નામ રાધાદેવી હતું.

મુક્તાનંદ સ્વામી સાધુતાની મૂર્તિ હતા. તેમની દાસત્વભક્તિ અને સહનશીલતા અજોડ હતી. શ્રીહરિની ઈચ્છા એજ પોતાની ઈચ્છા સમજતા. સમજણ અને ધીરજના પ્રભાવે તેઓ સત્સંગની માતાનું બિરુદ પામ્યા. મુક્તાનંદ સ્વામી સર્વકલાકોવિદ હતા. તેઓ ઉત્તમ કોટિના કવિરાજ, નૃત્યકાર, વૈદક વિદ્યામાં પણ નિપુણ હતા. શ્રીજી મહારાજ તેમની માટે કહેતા કે મુક્તાનંદ સ્વામી! તમે કોઈ પામર જીવનો હાથ ઝાલી તેને ફેંકો તો તે અષ્ટ આવરણ પાર કરી અક્ષરધામમાં પહોંચે તેવી તમારામાં શક્તિ છે.

આવા મુક્તાનંદ સ્વામીની જીવનગાથા આવાનારી પેઢીઓને ખૂબ પ્રેરણા આપે એવી છે. નાનપણથી પ્રભુને પામવાની તીવ્ર ઈચ્છા હતી. દશ વર્ષની કુમળી વયે તેમને વિચાર આવેલો કે, બ્રહ્મચર્ય પાળીને ભગવાનનો સાક્ષાત્કાર કરાવે એવા સદગુરુ મળે તો જ મારું કલ્યાણ નિશ્ચિત છે. અને મુક્તાનંદ સ્વામીએ ત્રણ-ત્રણ ગુરુઓ પાસે ગયા. છેલ્લે એમને એવા ગુરુ રામાનંદ સ્વામી મળ્યા. તેમને ગુરુ તરીકે સ્વીકાર્યા.

ભગવાન સ્વામિનારાયણે ૧૧ વર્ષની વયે અયોધ્યા છોડી નીલકંઠવર્ણી રૂપે વનવિચરણ કર્યું. ત્યારે ખુલ્લા પગે ૧૪ હજારથી વધુ કિ.મી. નો પ્રવાસ કરી અનેક મઠ મંદિરો અને ધર્મસ્થાનો જોયા પણ તેમના કોઈ જગ્યાએ પગ અટક્યા નહીં પરંતુ લોજપુર ગામે રામાનંદ સ્વામીના આશ્રમે આવ્યા ત્યારે મુક્તાનંદ સ્વામીની અત્યનંત નિર્મળ સાધુતા જોઈને એ પગ સ્થિર થયા. તે વખતે લોજપુરમાં કાર્યપાલક મહંત તરીકે મુક્તાનંદ સ્વામી હતા. નીલકંઠવર્ણીને તેમણે અનેક સેવામાં જોડ્યા.

તેમણે આગળ જણાવતાં કહ્યું, એક વખત સ્વામિનારાયણ ભગવાને તેમને પૂછેલું કે તમારી વિશેષતા શું? ત્યારે સ્વામી કહે - કોઈ ક્રોધાગ્નિથી ભરપુર નખશીખ ક્રોધથી યુક્ત, મને મારી નાખવાના ભાવથી મારી નજીક આવે તો આપની કૃપાથી એનો ગમે તેવો ક્રોધ પીગળી જાય. આવી વિરલ સાધુતા! જેને જોઈને ક્રોધ ઓગળી જાય, તે મુક્તાનંદ સ્વામી કેવા મહાન વિભૂતિ હશે?

ભગવાન સ્વામિનારાયણ સમાધિ કરાવતા તે તેમને ધતિંગ લાગતું હતું, પરંતુ રામાનંદસ્વામીએ દિવ્ય દર્શન આપીને ભગવાન સ્વામિનારાયણનો મહિમા કહ્યો પછી કાલવાણીમાં પોતાના ગુરુની ગાદી ઉપર ભગવાન સ્વામિનારાયણને પરાણે ઊંચકીને બેસાડીને સૌ પ્રથમ આરતી જય સદગુરુ સ્વામી .....ઉતારી. જે આરતી જગપ્રસિદ્ધ છે. આ આરતી બનાવ્યા પછી સ્વામીએ ભગવાન સ્વામિનારાયણ સમક્ષ એમને જે પ્રતિતિ કરાવી તેથી તેમના હૃદયમાં જે ઉમળકો આવી ગયો ને તેમને પદ રચ્યું કે, ભ્રમણા ભાંગી રે હો હૈયાની...

સદગુરુ મુક્તાનંદ સ્વામીની સાહિત્યને અંજલિ આપતા ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ સાહિત્યકાર હરીન્દ્ર દવે લખે છે કે, શ્રીવ્યાસજી અને શ્રીવાલ્મીકિ પછી ભાગ્યે જ સાહિત્યમાં પ્રગટ ભગવાન માટે કવિતા કરવાની તક કોઈક કવિને મળી છે. નંદ કવિઓની કવિતાની વિશેષતા ત્યાં છે કે તેઓ માટે સહજાનંદ સ્વામી પ્રગટ પૂર્ણપુરુષોત્તમ ભગવાન હતા. અને તેમને રીઝવવા માટે જ તેઓ કવિતા રચતા હતા. આ ભગવાન જયારે દૂર જાય ત્યારે તેમના વિરહની અને પાસે હોય ત્યારે મિલન અને લીલાની કવિતા રચવામાં આ કવિઓ કૃતાર્થા અનુભવતા. શ્રીજી મહારાજે સૌને આજ્ઞા કરેલી કે મુક્તાનંદ સ્વામી આદિક જે સંતોના કાવ્ય કીર્તન તે ગાવા.

કનૈયાલાલ મુનશી પણ કહે છે કે, ઉદ્ધવગીતા અને સતીગીતા પરથી દેખાય છે કે, આ કવિની કળા સમકાલીન ધોરણે બીજા બધા કરતા ઘણી બધી ઊંચા પ્રકારની હતી. ભગવદગોમંડલમાં નોંધાયું છે કે, તેમનું રુક્મિણી વિવાહ કાવ્ય લોકમાં એટલું બધું પ્રસિદ્ધ થઈ ગયું કે એક પણ લગ્નોત્સવ એવો નહિ જતો હોય કે જયાં મુક્તાનંદ સ્વામીનો વિવાહના પદો ગાવામાં ન આવતા હોય. સતીગીતા ગ્રંથ પર ફ્રાંસની વિદૂષી મિલીઝા ફ્રાન્ઝાવાએ પણ મહાનિબંધ લખ્યો છે. એમના અભિપ્રાય મુજબ મુક્તાનંદ સ્વામી જેવા સ્ત્રીધર્મો હજું સુધી કોઈએ લખ્યા નથી. ઝાઝું લખવું અને એમાં સારું લખવું એમાં લેખકની પરીક્ષા છે. આજે બે-બે સદીઓ પછી પણ મુક્તાનંદ સ્વામીના સાહિત્યને કાળનો લૂણો લાગ્યો નથી.

એકવાર ભગવાન સ્વામિનારાયણે તેમને આજ્ઞા કરી કે, તમારે તમારા ઈષ્ટદેવના અને સંપ્રદાય સંબંધી શાસ્ત્રો જીવનપર્યંત કરવા. તેઓ ૭૨ વર્ષની ઉંમરે ધર્માખ્યાન નામનો ગ્રંથ જયારે લખી રહ્યા હતા. ક્ષય રોગ જેવા અસાધ્ય રોગની ઉપાધિ વચ્ચે પણ તેમનેણે લેખન કર્યું અને હાથમાં કલમ હતી અને દેહ છોડ્યો. સ્વામીએ રચેલા મોટાભાગના બધા જ ગ્રંથો ગઢપુરમાં જીવાખાચરના દરબાર ગઢમાં રહી રચ્યા છે. બ્રહ્મસૂત્રભાષ્ય, સત્સંગીજીવનમાહાત્મ્ય, નિર્ણયપંચક, ધર્માખ્યાન, સતીગીતા વગેરે ૨૧ ગ્રંથોનું સર્જન કરી સાહિત્ય અને સંપ્રદાયની સેવા કરી છે. આવી રીતે મુક્તાનંદ સ્વામી ભગવાન સ્વામિનારાયણની નક્ષત્રમાળામાં અત્યંત તેજસ્વી એક તારલાની જેમ શોભતા હતા. આવી રીતે મુક્તાનંદસ્વામીની જીવનગાથા વર્ણવી હતી. સાથે સાથે પૂ. કૃષ્ણપ્રિયદાસ સ્વામીએ મુક્તાનંદ સ્વામીના અનેક પદોને પ્રસંગો સહિત, સંગીતના સાજ સાથે ગાઈને શ્રોતાઓને રસતરબોળ કર્યા હતા.

પૂ. ઈશ્વરચરણસ્વામીએ આશીર્વચન આપતા જણાવ્યું હતું કે, સદગુરુ મુક્તાનંદ સ્વામી સંપ્રદાયમાં વરિષ્ઠ સંત હતા. શરૂઆતથી જ કલ્યાણના ખપવાળા હતા. તે વખતે લોજમાં રામાનંદ સ્વામીના આશ્રમમાં ૬૦ સંતો મુક્તાનંદ સ્વામી સાથે રહેતા હતા. ભગવાન સ્વામિનારાયણ નીલકંઠવર્ણી રૂપે લોજ પધાર્યા. તે વખતે મુક્તાનંદ સ્વામીને વર્ણીએ જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ એ પાંચ ભેદ વિષે પ્રશ્નો પૂછેલા. તે વખતે સ્વામીએ ખૂબ સંતોષકારક ઉત્તરો આપેલા. પછી મુક્તાનંદ સ્વામીના આગ્રહથી વર્ણી ત્યાં રોકાયા.

મુક્તાનંદ સ્વામી આશ્રમમાં વરિષ્ઠ સંત હોવા છતાં જયારે રામાનંદ સ્વામીએ પોતાનાથી ૨૩ વર્ષ નાના વર્ણીને ગાદી સોંપી ત્યારે અમુકે વિરોધ કરેલો પરંતુ મુક્તાનંદ સ્વામીએ પોતાની ગુરુની આજ્ઞા પાળેલી અને વર્ણી અર્થાત સહજાનંદ સ્વામીના શિષ્ય થઈને રહ્યા અને પોતાનું જીવન સમર્પિત કરી દીધું. એવી રીતે બહુ જ આદર્શ સંત હતા. તેમને પ્રગટનો મહિમા હતો. તેમના ઉપદેશનાં કીર્તનમાં જણાવે છે કે, હું ટળે હરિ ઢુંકડા. જો આપણો અહંભાવ ટળી જાય તો ભગવાન ઢુંકડા અર્થાત સમીપે છે. માન આવી જાય તો સાધન બધા શૂન્ય થઈ જાય છે. એનું કોઈ ફળ આપણને મળતું નથી.

મુક્તાનંદ સ્વામી સંતનો મહિમા જણાવતા કહે છે કે, સબ ગુણ પૂરણ પરમ વિવેકી ગુણકો માન ન આવે. દાસત્વભાવથી આ કલ્યાણકારી ગુણ પ્રાપ્ત કર્યા છે. પોતાને બ્રહ્મસ્વરૂપ માને અને તે રીતે ભક્તિ કરે તો એજ ભક્ત સાચો ભક્ત છે. એવી રીતે મુક્તાનંદ સ્વામી એક આદર્શ ભક્ત, શિષ્ય હતા. આપણામાં પણ આવા ગુણો આવે અને સાચા સત્સંગી બનીએ તેવી પૂ. ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રાર્થના કરી હતી.

પ્રવચનના અંતમાં આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળાની પ્રણાલી મુજબ આગામી ૯૫માં સામાજિક સમસ્યા વિષયક પ્રવચન 'ભારત - ભૌગોલિક અને સાંસ્કૃતિક'ની રૂપરેખા આર્ષના ડાયરેક્ટર પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ આપી હતી અને પૂ. હરિતિલકદાસ સ્વામીએ શાબ્દિક આભાર વિધિ કરી હતી.

# દેવગોડાએ કોંગ્રેસ પર જેડીએસને ખતમ કરવાનો લગાવ્યો આરોપ

બેંગલુરું,તા.૨૭

બે વર્ષ પહેલા કર્ણાટક વિધાનસભા ચૂંટણી બાદ ગઠબંધન સરકાર બનાવવા છતાં તેને ન ચલાવી શકવાની ઘમાસાણ વચ્ચે આજે પણ કોંગ્રેસ અને જેડીએસના ટોપ નેતા પરેશાન છે. ચોંકાવનારી વાત છે કે બંને પાર્ટીના નેતા પોતાની ભૂલથી રાજકીય શીખ લેવાના બદલે એક-બીજા વિરૂદ્ધ મોર્ચા ખોલી ચૂંટણી જંગ માટે તૈયાર કરી રહ્યા છે. બંને એક સાથે મળીને ભાજપને ૨૦૨૩ વિધાનસભા ચૂંટણીમાં માત આપવાને બદલે એક-બીજા વિરૂદ્ધ જ આરોપ-પ્રત્યારોપની મુહિમમાં લાગેલા છે. આ વચ્ચે દેશના પૂર્વ વડા પ્રધાન એચ ડી દેવગોડાએ કોંગ્રેસ પર જેડીએસને ખતમ કરવાનો આરોપ લગાવીને સૌને ચોંકાવી દીધા છે.

તેમણે કહ્યુ કે કોંગ્રેસ સિદ્ધારમૈયાના નેતૃત્વમાં આ પાર્ટીને ધ્વસ્ત કરવા ઈચ્છે છે. કોંગ્રેસના નેતા સિદ્ધારમૈયા આ મુહિમમાં લાગેલા છે. તેમણે દાવો કર્યો છે કે આ પાર્ટીને કોઈ પણ નષ્ટ કરી શકશે નહીં. આને પોતાનો જનાધાર મળી ગયો છે. અમે ૨૦૨૩ વિધાનસભા ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ સાથે લડતા ફરી પાર્ટીને મજબૂતી આપશે અને સત્તામાં પાછા ફરશે.

# ટ્રમ્પે સહી ના કરતાં હવે યુએસની પ્રજાને રાહત પેકેજની સહાય નહિ મળે

વોશિંગટન,તા.૨૭

અમેરિકામાં હાલ લોકોને કોરોના રાહત પેકેજ મળશે નહીં કારણ કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પએ પેકેજ પર સહી કરી નથી. તેમને આ પેકેજ પર સહી કરવાની હતી. પરંતુ ટ્રમ્પે સહી કરવાની ઘસીને ના પાડી દીધી. ડોનાલ્ડ ટ્રમ્પે સહી ના કરતાં હવે ત્યાંની પ્રજાને ૨ લાખ ૩૦ હજાર યુએસ ડોલરની સહાય મળી શકશે નહીં.

તેની અસર ૧ કરોડથી વધુ લોકો પર પડશે. હાલના રાષ્ટ્રપતિ ટ્રમ્પ ડોનાલ્ડ ટ્રમ્પનું માનવું છે કે લોકો માટે સહાયની આ રકમ ખૂબ જ નાની છે. તેથી તેમાં વધારો થવો જોઈએ. આપને જણાવી દઈએ કે નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ જો બાઈડેનએ ડોનાલ્ડ ટ્રમ્પ પર આ પેકેજ પર હસ્તાક્ષર કરવા દબાણ કર્યું છે. તેમણે ચેતવણી આપી છે કે જો આ પેકેજ પર સહી કરવામાં આવશે નહીં તો તેનું ગંભીર પરિણામ ચૂકવવું પડશે પેકેજ પર સહી ન થતાં હવે ડોનાલ્ડ ટ્રમ્પ અને જો બાઈડેન જૂથ વચ્ચે ટકરાવની નવી પરિસ્થિતિ ઉભી થઈ રહી છે.

આ બંને ખેમામાં પહેલેથી યુ.એસ. રાષ્ટ્રપતિની ચૂંટણીના પરિણામોને લઈ વિવાદ ચાલી રહ્યો છે. રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં જો બાઈડેનની જીતને હાલના રાષ્ટ્રપતિ અને રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર રહેલા ડોનાલ્ડ ટ્રમ્પે સ્વીકારી નથી.

# કૃષિ કાયદા મામલે આરએલપીએ એનડીએનો સાથ છોડ્યો

જયપુર,તા.૨૭

કેન્દ્ર સરકારે ત્રણ નવા કૃષિ કાયદા લાગુ કર્યા તેના વિરોધમાં ભાજપની આગેવાની હેઠળના નેશનલ ડેમોક્રેટિક અલાયન્સ (એનડીએ)માંથી એક વધુ પાર્ટી અલગ થઈ છે. પંજાબમાં શિરોમણી અકાલી દળ અલગ થયા બાદ હવે રાજસ્થાનમાં હનુમાન બેનીવાલની આગેવાની હેઠળની રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટી (આરએલપી)એ જાહેરાત કરી છે કે તે એનડીએથી અલગ થાય છે.બેનીવાલે રાજસ્થાનના અલવર જિલ્લાની સરહદ પર ખેડૂત દેખાવકારોને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે ખેડૂતોની વિરુદ્ધમાં હોય એવા કોઈની પણ સાથે અમે રહીશું નહીં. હું કંઈ એનડીએ સાથે ફેવિકોલથી જોડાયોનથી. બેનીવાલની પાર્ટી કેન્દ્રમાં તેમજ રાજસ્થાનમાં પણ ભાજપની સહયોગી હતી. બેનીવાલ રાજસ્થાનના નાગૌરના સંસદસભ્ય છે.

કૃષિ કાયદાના અમલના વિરોધમાં તેમણે ત્રણ સંસદીય સમિતિઓ – ઉદ્યોગો, પેટ્રોલિયમ તથા નેચરલ ગેસ સમિતિઓમાંથી રાજીનામું પણ આપી દીધું છે. દરમિયાન, આજે ખેડૂતોના આંદોલનનો ૩૨મો દિવસ છે. ખેડૂત સંગઠનના નેતાઓએ કહ્યું છે કે તેઓ કૃષિ કાયદા મામલે મડાગાંઠ ઉકેલવા કેન્દ્ર સરકાર સાથે ૨૯ ડિસેમ્બરે ફરી ચર્ચા કરવા તૈયાર છે.

# શરદ પવારને અધ્યક્ષ બનાવવા શિવસેનાનું સામનામાં સૂચન



મુંબઈ,તા.૨૭

યુપીએના નેતૃત્વ પર ફરી સવાલો ઉઠયા છે. આ વખતે મહારાષ્ટ્રમાં કોંગ્રેસના સાથી પક્ષ શિવસેનાએ જ આ સવાલ ઉઠાવ્યો છે. શિવસેનાએ પોતાના મુખપત્ર સામનામાં એક લેખમાં સલાહ આપી છે કે યુપીએએ હવે નેતૃત્વમાં ફેરબદલ કરવા જોઈએ અને એનસીપીના વડા શરદ પવારને યુપીએના વડા બનાવવા જોઈએ. શિવસેનાએ સાથે જ વર્તમાન યુપીએને એનજીઓ જેવી ગણાવી દીધી છે સાથે જ રાહુલ ગાંધીની નેતૃત્વ ક્ષમતા પર પણ સવાલો ઉઠાવ્યા છે. શિવસેનાએ કહ્યું છે કે રાહુલ ગાંધી મહેનતપૂર્વક કામ તો કરી રહ્યા છે પણ તેમના નેતૃત્વમાં કેટલીક ખામી છે. કોંગ્રેસને હવે વચગાળાના નહીં પણ ફુલટાઈમ અધ્યક્ષની જરૂર છે.

હાલ યુપીએમાં શરદ પવાર જ એવા નેતા છે કે જેઓ આ પદ સંભાળી શકે તેમ છે, તેમના અનુભવને કારણે પીએમ મોદી પણ તેમની સલાહ લે છે. ભાજપના વિરોધ માટે જ્યાં સુધી યુપીએના બધા જ પક્ષો સામેલ નહીં થાય ત્યાં સુધી વિપક્ષ સરકાર સામે અસરકારક સાબિત નહીં થાય. નબળા વિપક્ષને કારણે જ સરકાર ખેડૂતો અને કૃષિ કાયદા મુદ્દે બેફિકર છે. સરકારના આ પ્રકારના વલણનું કારણ નબળો વિપક્ષ છે. યુપીએના નેતૃત્વમાં ફેરફાર કરવાની હાલ જરૂર છે. શિવસેનાએ સામનામાં કહ્યું છે કે યુપીએ નામના એક રાજનીતિક સંગઠનની કમાન કોંગ્રેસ પાસે છે, યુપીએ હાલ એક એનજીઓની જેમ કામ કરી રહી છે.

તે જ કારણ છે કે યુપીએના ગઠબંધનમાં સામેલ પક્ષો ખેડૂતોના આંદોલન પર સાવ નરમ છે અને માત્ર એનસીપી જ અવાજ ઉઠાવી રહી છે. એનસીપીના વડા શરદ પવારમાં યુપીએની આગેવાની લેવાની ક્ષમતા છે. બીજી તરફ શિવસેનાની આ સલાહને કોંગ્રેસે ફગાવી દીધી છે. સાથે એવી સલાહ આપી છે કે જે પક્ષો યુપીએમાં સામેલ જ ન હોય તેઓએ યુપીએના નેતૃત્વ અંગે સલાહ ન આપવી જોઈએ.

### થર્ટી ફર્સ્ટને લઈને જાહેરનામુ

# રાત્રે શહેરની હોટેલ, ક્લબ કે ફાર્મ હાઉસમાં પાર્ટી કરવા પર પ્રતિબંધ

ન્યુ દિલ્હી,તા.૨૭

કોરોનાને કારણે આ વર્ષે ૩૧ ડિસેમ્બરે રાત્રે શહેરની કોઈપણ હોટેલ, કલબ, ફાર્મહાઉસમાં પાર્ટી કરવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. આથી અમદાવાદીઓએ થર્ટી ફર્સ્ટની ઉજવણીની જગ્યાએ ફરવા જવાનો પ્લાન બનાવી દીધો છે. રાજયમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી, ધોરડો રણોત્સવમાં હોટેલો લગભગ ફુલ થઈ ગઈ છે. ગીર, દીવ, દમણમાં પણ લોકોએ એડવાન્સ બુકિંગ કરાવી દીધા છે. બીજી તરફ રાજય બહાર માઉન્ટ આબુ, ઉદયપુર, જેસલમેર, જોધપુર જેવી જગ્યાઓ માટે અમદાવાદીઓએ બુકિંગ કરાવ્યાં છે. જયારે થર્ટી ફર્સ્ટ સેલિબ્રેશન માટે સૌથી લોકપ્રિય ગણાતા ગોવામાં પાર્ટી પર પ્રતિબંધ હોવા છતાં ફલાઈટનું રિટર્ન ભાડું ૧૦ હજારથી વધીને ૧૫ હજારે પહોંચી ગયું છે. દર વર્ષે એસ.જી.હાઈવે અને સી.જી.રોડ પર મોટી સંખ્યામાં નવા વર્ષની ઉજવણી માટે લોકો ઉમટી પડે છે. પરંતુ આ વર્ષે કોરોનાને કારણે નાગરિકો પર પ્રતિબંધ મૂકાયો છે.

નવાવર્ષની પૂર્વ સંધ્યાથી જ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાશે. ઘરમાં ઉજવણી કરી શકાશે: શહેર પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, ઘરમાં નવા વર્ષની ઉજવણી કરવા પર કોઈ પ્રતિબંધ નથી. સોશિયલ ડિસ્ટન્સ-માસ્ક સહિતના નિયમોનું પાલન થાય અને મોટી સંખ્યામાં લોકો એકત્ર ન થાય તેનું ધ્યાન રાખવું હિતાવહ છે. હોટેલો: હાલ કર્ફ્યૂના કારણે રાતના ૯ સુધી ખુલ્લી રહે છે.નવાવર્ષની ઉજવણીમાં હોટેલો મોડી સુધી ખુલ્લી રાખવાની માંગણી યથાવત છે. પરંતુ તંત્રએ હાલ કોઈ સૂચના આપી ન હોઈ ૯ પછી ચાલુ રાખી શકાશે નહીં. નવા વર્ષની ઉજવણી માટે પોલીસે શહેરની એકપણ કલબને મંજૂરી આપી નથી. થર્ટી ફર્સ્ટની રાત્રે ક્લબમાં પાર્ટી યોજાય નહીં તે માટે પોલીસે સંચાલકોને સૂચના આપી છે. જો કોઈ પાર્ટી યોજાશે તો કાયદેસરના પગલાં લેવાશે તેવી સૂચના પણ આપી છે.

ફાર્મહાઉસ: શહેરની હદ બહાર આવેલા ફાર્મહાઉસમાં નવાવર્ષની ઉજવણી કરવાની ગ્રામ્ય પોલીસે કોઈપણ ફાર્મહાઉસને મંજૂરી આપી નથી. જો કે લોકો અંતરિયાળ વિસ્તારમાં આવેલા ફાર્મહાઉસમાં પાર્ટી કરે તેવી સંભાવના હોવાથી પોલીસ રણનીતિ ઘડવા બેઠક યોજશે. મોટાભાગના લોકો ફરવા માટે જતા હોવાથી ધસારો વધ્યો છે. સરકારી ગાઈડલાઈન મુજબ લોકો એકત્ર થઈ ઉજવણી કરી શકશે. કચ્છ રણોત્સવ: ૧૦૦ લોકો ભેગા થઈ શકશે, ટેન્ટ સિટીમાં રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સાસણમાં દર વર્ષની જેમ આ વખતે નવા વર્ષની રજામાં પ્રવાસીઓ વધુ આવી રહ્યા છે પણ ત્યાં ૩૧ ડિસેમ્બરની ઉજવણી કરાતી નથી. માધવપુરમાં રજાના કારણે લોકો ફરવા આવે છે.

દીવ: દીવમાં રાષ્ટ્રપતિ પ્રવાસે આવ્યા છે, તેથી હાલ કોઈ જાહેરનામું બહાર પડાશે નહીં. પણ જાહેરમાં કોઈપણ પ્રકારની ઉજવણીને મંજૂરી અપાશે નહીં તેવું સત્તાવાળા કહે છે. દમણ: જાહેરમાં કોઈપણ પ્રકારની ઉજવણી કે ટોળા ભેગા થવા પર પ્રતિબંધ છે. માત્ર કેટલીક હોટેલના હોલમાં ૨૦૦ની મર્યાદામાં સરકારી ગાઈડલાઈન પ્રમાણે પાર્ટી થઈ શકશે. હોટેલોમાં બુકિંગ ફૂલ છે. લોકો હોટેલના રૂમમાં પાર્ટી કરી શકે છે. સાપુતારા: અહીં કોઈપણ પ્રકારની ઉજવણી કરવા દેવામાં નહીં આવે. પણ પ્રવાસીઓના ધસારાને કારણે હોટેલો ફૂલ થઈ ગઈ છે. પોળો: કોરોનાને કારણે ૩૦-૩૧ ડિસેમ્બરે પ્રવેશ પર પ્રતિબંધ છે.

# અભિશ્રાપિત ચણા

બ્રાહ્મણ માગે અને મગવે, વાક્ય ની ખરી સમજ

સુદામાના સમ્બંધમાં એક મોટી શંકા થાય તેવું તેમનું ચરિત્ર લખાયેલું/કથાકારો દ્વારા વાંચવા/સાંભળવા મલે છે... કે–

સુદામા એક વિદ્વાન બ્રાહ્મણ હતાંપોતાના બાલ સખા કૃષ્ણ થી છુપાવીને ચણા કેવી રીતે ખાઇ શકે ?–

આજ ભાગવત પર ચર્ચા કરતાં એક વ્યાખાનકારે આ શંકાનું નિરાકરણ કર્યું.જે દરેકે સમજવું જરૂરી છે

–જેથી સુદામાના દરિદ્રયતાની સાચી સમજ આવે. ફેલાયેલી ભ્રાંતિ દૂર થાય–

–સુદામાની દરિદ્રતા અને ચોરી પાછળ એક બહું જ મોટી રોચક અને ત્યાગ-પૂર્ણ કથા છે...–

–એક અત્યંત ગરીબ નિર્ધન ઘરડી ડોશી ભિક્ષા માંગી જીવન નિર્વાહ કરતી હતી.....–

–એક સમય એવો આવ્યો કે, તેને પાંચ દિવસ ભિક્ષા ન મળી–

–તે રોજ પાણી પી ને ભગવાન નું નામ લઇ સૂઇ જતી–

–છઠ્ઠા દિવસે તેને ભિક્ષામાં બે મુઠી ચણા મલ્યા–

–પોતાની ઝુંપડી પહોંચતા પહોંચતા રાત થઇ ગઇ–

–ડોશી એ વિચાર કર્યો કે, આ ચણા અત્યારે નહિ, સવારે ઠાકોરજી ને ભોગ લગાવીને ખઇશ–

–આવો વિચાર કરી ચણા કપડાં બાંધી રાખી દિધા. અને વાસુદેવનું નામ જપતાં જપતાં સૂઇ ગઇ–.

–ડોશીના સૂતા પછી એક ચોર ચોરી કરવા માટે તેની ઝુંપડીમાં આવ્યો–

–ચોરે ચણાંની પોટલી જોઇ સમજ્યો કે આમાં સોના ના સિક્કા બાંધ્યા છે અતઃ તેને ઉપાડી લિધી–.

–ચોરનો પગરવ સાંભળી ડોશી જાગી ગઇ. અને બૂમો પાડવા લાગી બૂમો સાંભળી આજૂબાજૂનાલોકો એકઠાં થઇ ગયા બધા ચોરને પકડવાં દોડ્યા ચણાની પોટલી લઇ ભાગેલા ચોરે પકડાઇ જવાના ભયથી તે સંદીપન મુનિના આશ્રમ માં છુપાઇ ગયો આ સંદીપન મુનિના આશ્રમમાં શ્રી કૃષ્ણ અને સુદામા શિક્ષણ ગ્રહણ કરી રહ્યા હતા–.

–ચોરનો પગરવ સાંભળી ગુરુમાતાને લાગ્યું કે કોઇ આશ્રમમાં આવ્યું છે–

–ગુરુમાતા એ પોકાર કર્યો- કોણ છે ?–

–ગુરુમાતાને પોતાની તરફ આવતાં જોઇ ચોર ચણાની પોટલી ત્યાંજ છોડીને ભાગી ગયો–.

–આ બાજૂ ભૂખથી વ્યાકુળ ડોશીએ જાણ્યું કે ચણાની પોટલી ચોર ઉઠાવી ભાગી ગયો છે–

–તો તેણે શ્રાપ આપ્યો–

"મૂજ દીનહીન અસહાયના ચણા જે કોઇ ખાશે તે દરિદ્ર થઇ જશે".

–આ બાજૂ આશ્રમમાં ઝાડૂ લગાવતાં સમયે ગુરુમાતાને તે ચણાની પોટલી મળી–

–ગુરુમાતાએ પોટલી ખોલી ને જોયું તો તેમાં ચણા હતા–

તે સમયે સુદામા અને શ્રીકૃષ્ણ જંગલમાં લાકડા વિણવા જઇ રહ્યા હતા–

ગુરુમાતા એ તે ચણાની પોટલી સુદામાને દેતાં કહ્યું–

બેટા ! જ્યારે ભૂખ લાગે તો તમે બન્ને આ ચણા ખાજો–

સુદામા તો જન્મજાત બ્રહ્મજ્ઞાની હતા–

તેમણે જેવી ચણાની પોટલી હાથમાં લિધી–

બધું રહસ્ય જાણી ગયા–

સુદામાએ વિચાર કર્યો– ગુરુમાતા એ કહ્યું છે કે, આ ચણા બન્ને બરાબર વહેંચી ને ખાજો પણ આ ચણા તો શ્રાપિત છે–

–જો હું આ ચણા ત્રિભુવનપતિ શ્રીકૃષ્ણને ખાવા આપીશ તો મારા પ્રભુની સાથે સાથે ત્રણે લોક દરિદ્ર થઇ જશે–

–નહિ-નહિ હું આવું હરગિઝ નહિ થવા દઉં–

–મારા જીવિત રહેતાં "પ્રભુ" દરિદ્ર થાય !–

–એવું હું કદાપિ નહિ કરું!–

–હું આ ચણા ખાઇ જઇશ પણ કૃષ્ણને નહિ ખાવા દઉં !–

–અને સુદામાએ કૃષ્ણથી છુપાવીને બધા ચણા ખાઇ લિધા–

–અભિશ્રાપિત ચણા ખાઇને સુદામાએ–

–દરિદ્રતા વ્હોરી લિધી પણ પોતાના સખા શ્રીકૃષ્ણ ને બચાવી લિધા અદ્રિતીય ત્યાગનું ઉદાહરણ પ્રસ્તુત કરવા વાહલા સુદામા એ ચોરી-છુપી ચણા ખાવાનો અપયશ પણ સહન કર્યો

તો બહું અન્યાયી ગેરસમજણ

દેતી કથાની ખરી હકિકત

સમજાવતાં ગહન શંકાનું નિવારણ થયું

હવે ખબર પડી કે કૃષ્ણને પટરાણીઓ કરતાંય રાજ પાટ કરતાંય સુદામો જ કેમ વહાલો હતો ?–

એ કાનો કાનુડો તો હતો જ પણ એ યુગપુરુષ પણ હતો–

સુદામા ના ત્યાગનો, ઉપકારનો , પ્રેમનો બદલો ચૂકવવા એ ત્રણ ભુવનનો નાથ પણ અસમર્થ હતો–

પરમ જ્ઞાની વિદ્વાન વિપ્ર મિત્ર ના પ્રેમ માટે તરસતો રહ્યો, તે કરુણ રહી ધીરજ ધરી મિત્ર વિરહને આજીવન સહેતો રહ્યો–

–ઉઘાડા પગે દોટ મૂકી એ દ્વારિકા ના ધણી એ એને છાતી સરસો ચાંપવા માટે તો–

–પટરાણીઓ સામે એ મેલા ઘેલા કપડામાં દરિદ્ર થયેલ સુદામાના પગ ધોયા લૂછ્યા ચરણામૃત ગ્રહણ કર્યું એ જગતના નાથ એ વિરાટસ્વરુપે–

–તાંદુલ ચાવીને દરિદ્તા ટાળવા સંકલ્પ બદ્ધ થયા એ સખા કેશવ એ મિત્ર માધવ–

–મિત્રતા ની વ્યાખ્યા આપવામાં સુદામા કૃષ્ણ એ બધા માપને , પરિમાણને પણ વામણા બનાવી દીધા–

–કિંવદંતિ માં અજ્ઞાનીઓએ વક્રઉક્તિ એ બનાવી કે- ભામણ માગે અને મગવે

–પણ મૂરખ મતિ ધરાવનાર એ સમાજ નો દંભી બુદ્ધિજીવી વર્ગ ઉપાલંભમાં જ, પોતાનું જ મુખ જોવા એ દર્પણ ને ટાળતો રહ્યો–

કે સાચો બ્રાહ્મણ તો પ્રેમવશ (સંબંધ ) ત્યાગ માગે અને પ્રેમપૂર્ણ ( સંબંધ ) નિભાવ મગવે

જય શ્રી કૃષ્ણ




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક.સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ૧ માં આજે ગત રવિવારે આપેલ વિષય (એકરાર,સ્વપ્ન સંસાર,સપના જેવો સંબંધ) અંતર્ગત આજે છેલ્લી પાંચ પદ્ય અને એક ગદ્ય રચનાઓ.તેમજ એક આગળ ની બાકી ગદ્ય રચના નીચે મુજબ છે..આવતીકાલ થી નવા વિષય ઉપર લખેલ રચનાઓ આવશે..
www.janfariyadnews.com

---------------------------------------

NOG. સાહિત્ય સરિતા(૧)
NG. NO. - 0036
વિભાગ - પદ્ય
વિષય - એકરાર

એકરાર

ઊંડા અંતરથી એકરાર કરું છું,
ઋણાનુબંધ હ્દયે સ્વીકાર કરું છું.
ધડકતા દિલમાં દબાયેલી વાત,
યાદે સ્નેહવર્ષા ધોધમાર કરું છું.
અધૂરાં સ્વપ્ન છલકાવવાની વાત,
પાંપણ ઈશારે હું ઉચ્ચાર કરું છું.
રાધા-કૃષ્ણ સમ જીવવાની વાત,
આશા-પુલે ઝૂલી અણસાર કરું છું.
હોઠ પર આવી રોકાયેલી વાત,
મખમલી સ્વપ્ને ઉપહાર કરું છું.
ખુદ મળી ભીતરે મળવાની વાત,
વિશ્વાસે જાણે ચમત્કાર કરું છું.

અરુણાબેન ત્રિવેદી અમદાવાદ

---------------------------------------

NOG.સાહિત્ય સરિતા
NOG SS.NO.73
વિભાગ..પદ્ય
વિષય..એકરાર.

એક નામ વિનાના સબંધનો મેં એકરાર કરી લીધો,મેં તારા પ્રેમનો સ્વીકાર કરી લીધો.
અમુક સંબધો બેનામ પણ સાચા,
એવાતનો મેં સ્વીકાર કરી લીધો.
તું ને હું એકબીજાના પૂરક એ વાતનો આજે મેં સ્વીકાર કરી લીધો.
રૂહ થી રૂહ સાથે ભળી જવાની
વાતનો મેં એકરાર કરી લીધો.
કોઈ નહીં સમજે તારાને મારા સંબંધને
એ વાતનો મેં સ્વીકાર કરી લીધો.
એક નામ વગરના સબંધનો મેં એકરાર કરી લીધો,
તારાને મારા સબંધનો મેં સ્વીકાર કરી લીધો.

નયના પટેલ.. વડોદરા.

---------------------------------------

NOG SS NO : 0043
સાહિત્ય સરિતા (૧)
વિષયઃ એકરાર
વિભાગઃ પદ્ય
પ્રકારઃ ગીત

આ તે કેવી અસમંજસ?
પ્રેમ છે કે નફરત,
મન ફરતુ બસ આ જ અસમંજસમાં.
મારી આંખો જો જુએ તને,
તો અનુભવે શાંતિનો હાશકારો.
નથી ચાલતું તારી સાથે દલીલ કર્યા વિના,
તો પછી કેમનું સમજવું આ પ્રેમ છે કે નફરત?
આવે છે જો તું મારી સામે,
હૃદયના વધી જાય છે ધબકારા,
કોણ જાણે તું મારી છે કે નથી?
દિવસ-રાત મન રહેતું આ અસમંજસમાં જ.
કરું છું હવે એકરાર મારા પ્રેમનો,
અને મુક્ત કર મને આ અસમંજસમાથી.

મૈત્રી ઉપાધ્યાય અમદાવાદ
મૈત્રી ઉપાધ્યાય અમદાવાદ

---------------------------------------

NOG SS No :- : સાહિત્ય સરિતા
NG no : 0075
વિભાગ ::. પદ્ય
શીર્ષક :. એકરાર

ચરણે તારે શીશ
નમાવી , કરું હું એકરાર !
સમજ્યો ના હું મર્મ
જીવનનો, ભટક્યો નિરાધાર!
સુખનું મૃગજળ
આ સંસારે ભાળ્યું અનરાધાર!
હરણાં સમ દોડ્યો
આગે ભ્રમણાની ભરમાર!
હારી થાકી યાચું હું
તવ શરણું પાલનહાર!
મુજને સાચો માર્ગ
બતાવો ,જગના પાલનહાર!
વિશ્વનું હું પંખી
મુજ ,પથદર્શક કિરતાર !
જગકલ્યાણે ઉડાન
હો મારી, એવો છે નિર્ધાર !

કૌમુદી. સોની..

---------------------------------------

NOG SS No - 0050
સાહિત્ય સરિતા (૧) પદ્ય
વિષય- એકરાર.
શીષેક - પ્રેમનો એકરાર.

પ્રેમનો એકરાર કરું તમ સંગ કેવો..?
અંતરનાં ઉંડાણથી એકરાર કરું છું..!
સાવ ખુલ્લી આંખે તારા સ્વપ્ન જોઉં..!
સમય વહેતો અટકી જાય ને...,
કશું ન જોઈએ તેવી માગણી કરું ..!
કુરબાન થાવ જીવન સાર્થક કરું... !
આખી સૃષ્ટી સમાણી તારામાં..!
ભવે ભવ રહીએ એકબીજા સંગ..!
હું કરું એવો પ્રેમનો એકરાર..!
શ્વાસમાં ભળે વિશ્વાસ ને,
શબ્દ થઈ શ્વાસમાં તું રહે..!
પ્રેમ એટલે માત્ર પ્રેમજ..!
આપણી વચ્ચેનો અતુટ વિશ્વાસ..!
આપણા સપનાઓને એક
તાંતણે બાંધીએ ભેગા મળીને. ... ,
તને ઓઢું હું ને તને પહેરું હું..!
લે કર્યો મારા પ્રેમનો એકરાર..!
ચલ, પ્રેમનું ઝરણું વહાવીએ...!

રાગીની શુક્લ"રાગ"
(મુંબઈ ,કાંદિવલી.)

---------------------------------------

ન્યૂઝ ઓફ ગાંધીનગર
સાહિત્ય સરિતા - ૧
વિષય : એકરાર
શિર્ષક : તકરાર
પ્રકાર : ગદ્ય
NOG SS No :- 0052

તું તું મે મે શું ચાલી,તે મને ગાડીમાંથી ઉતારી ચાલ્યો ગયો.મે કાલાવાલા પણ કરી જોયા, "અવિનાશ ,હવેથી ભૂલ નહી થાય,સોરી યાર...હું ખૂબ પઝેસીવ છું તારા માટે, તારી સાથે કોઈ સ્ત્રીને નથી જોઈ શકતી,આ વાતની તને ખબર તો છે,તું ક્યા આ બધી વાતોથી અજાણ છે."
"માન્યું કે મારે જોયા, સમજ્યા વગર ★તકરાર★ નહોતી કરવી જોઈતી.મને મારા કર્યા પર અફસોસ છે.હું કાન પકડી મારી ભૂલ સ્વીકારવા તૈયાર છું." એટલીસ્ટ મોમ ડેડને મળી લે.
"ના મારો મૂડ નથી,ફરી..."
અવિનાશ ,ગાડી પૂરપાટ ઝડપે હંકારી નીકળી ગયો.
નિત્યા અવિનાશને કેવી રીતે મનાવી લેવો તે વિચાર કરી રહી હતી.
અચાનક હાથ રીમોટ પર પડતા જ ટીવી ઓન થયુ,વિચારોમાં અવિનાશ હજી દોડી રહ્યો હતો.
લોકલ ન્યૂઝ ચેનલ પર ગોઝારા અકસ્માતનાં ન્યુઝ જોતા તે દંગ પામી ગઈ,મનમાં અટકળો ચાલી રહી હૃદય જોરજોરથી ધબકારા લેતું ધબકી રહ્યું હતું.
'હે ભગવાન' હું જે વિચારું છું તેમાંનું કશું જ ન થયુ હોય તો સારું?નિત્યાને કરેલા વ્યવહાર બદલ ગુસ્સો આવી રહ્યો હતો.
'તે શું કામ આવું કર્યુ?'
જો તેને તારો વિચાર જ ન હોત તો ,તે એંગેજમેન્ટ શા માટે કરત?તે કેટલો શ્રીમંત અને હું.....આંસુ નદીની જેમ વહે જતા હતા.
ખાત્રી કરી લેવા સામે ફોન જોડ્યો.સામેથી અજાણ્યા વ્યકિતનો અવાજ સાંભળી તે અવાચક બની ચૂકી હતી.
તેને ખુદથી ધૃણા થવા લાગી.લાનત છે 'નિત્યા'.
કેટકેટલાં અરમાનો સજાવીને બેઠી હતી,નજીવી ભૂલના કારણે......
અરે!! કેમ ભૂલી જાય છે કે "તારા વર્તનના કારણે જ તો તે ગાડી ઝડપથી હંકારીને નીકળ્યો હતો" અને રસ્તામાં....
સામેથી , અરે!! મેડમ સાંભળો..આ ફોન જેનો છે તે ભાઈ હોસ્પિટલમાં એડમિટ છે.થોડી ઈજા પહોંચી છે.
નિત્યા હોસ્પિટલ પહોંચી અવિનાશ તેની સામે જ ઉભો હતો.
નિત્યા તેને વળગી પડી, "તને કોઈ ઈજા,ચોટ તો...."
અરે !!! ના..ના...હું ફિટ છુ.
"અને પેલાં ન્યુઝ?"
"તે બધું ફેક હતું ,તે આઈડિયા તારી ન્યુઝ રિપોર્ટર ફ્રેન્ડસ નિશાનો હતો.આપણને વધુ નજીક લાવવા.સામેથી બીજો સૂર પૂરાયો "તારી અક્કલ ઠેકાણે લાવવા બુદ્ધુ..."
નિત્યા અવિનાશ સમક્ષ એકરાર કર્યો, હવેથી આ રીતનું વર્તન તેનાં તરફથી ક્યારેય નહી થાય તેનું વચન આપ્યું.

સંજય તરબદા "સાંજ" વડોદરા

---------------------------------------

NG no : 0027
પ્રકાર : ગદ્ય
શીર્ષક :- પરભવની પ્રીત

નસવાડી તાલુકાના દુગ્ધા ગામમાં એક ફોરેસ્ટ ઓફિસર વિજયસિંહની નવી જ નિમણૂક થઈ. વિજયસિંહ દુગ્ધામાં તો આવી ગયા પણ શહેરના ચડતા લોહીને આ આદિવાસી વિસ્તારમાં જરાય મન લાગતું નહિ. ક્યારેક રેવા નામની નાનકડી અનાથ બાળકી ત્યાં ફરતી તો એને બોલાવી સાથે જમતાં. રેવા થોડુંઘણું ઘરકામ કરી આપતી. ધીમે-ધીમે રેવા રોજ રાહ જોતી કે, ક્યારે સા'બ તેને ખાવા બોલાવે.

એક દિવસ વિજયસિંહે પૂછ્યું, "શું તને તારા માતા-પિતા યાદ આવે છે?" રેવા પાસે કોઈ યાદ જ નહોતી, શું જવાબ આપે. વિજયસિંહ પોતાના માતા-પિતા અને એક નાના ભાઈની વાતો રેવા પાસે કરતા. આમ, મન બહેલાવતા પણ મુંબઈ જેવાં મોટા શહેરમાં ઉછરેલ વિજયસિંહને આ નાનકડાં ગામમાં જરાય ગોઠતું નહિ. બીજી બાજું રેવાને તો જાણે છત્રછાયા મળી ગઈ હતી.

એક મહિનો માંડ વિત્યો. તેમણે બદલી માટે અરજી કરી. બીજો એક મહિનો વીતી ગયો. એક દિવસ અચાનક વિજયસિંહે રેવાને બોલાવીને કહ્યું કે, "રેવા હું મારા ગામ જાઉં છું." રેવાએ દબાતાં અવાજે પૂછ્યું, "ક્યારે પાછા આવશો ?" વિજયસિંહ કહે, "મેં બદલી માંગી હતી પરંતુ નામંજૂર થઈ એટલે નોકરી છોડીને જાઉં છું." રેવા ધીમેથી બોલી, "મને લઈ જશો?" વિજયસિંહ કાંઈ ના બોલી શક્યા. રેવા ચૂપચાપ ધીમે પગલે ત્યાંથી નીકળી ગઈ.

બીજે દિવસે વિજયસિંહ પોતાનો સમાન લઈ નીકળી પડ્યા. રેવા દૂરથી જોતી રહી. વડોદરા પહોંચતા સુધીમાં તો વિજયસિંહનું મન ખૂબ વિહવળ થઈ ગયું. તેમની નજર સામેથી નિર્દોષ, ખામોશ રેવાનો ચહેરો ખાસતો જ નહોતો.

વડોદરા બસ સ્ટેશનમાં ઉતારી વિજયસિંહ એક બાંકડા પર બેસી પડ્યા. તેમનું મન આગળ જવા તૈયાર જ ના થયું. બેચેન વિજયસિંહ પાછા દુગ્ધા આવ્યા. રેવાને શોધવા આખા ડુંગરાળ વિસ્તારમાં ફરી વળ્યા. રેવા....રેવા....બૂમો પડતા ટેકરીઓ, નદીના વહેણમાં બધે જ ઘૂમ્યા. સતત બે દિવસ સુધી પહાડોમાં ઘૂમતા રડી પડ્યા.

અચાનક એક મહુડાનાં થડને લપાઈને બેઠેલી ગુમસૂમ રેવા દેખાઈ. વિજયસિંહ દોડીને રેવાને ભેટી પડ્યા. બંને ખૂબ રડયાં. ધીમેથી વિજયસિંહ બોલ્યા, "બહેના ચાલ હું તને લેવા આવ્યો છું."

જ્યોતિ આચાર્ય અમદાવાદ




# હવામાન વિભાગે ૨૯ ડિસેમ્બરથી રાજ્યોમાં કોલ્ડવેવ અંગે ઓરેન્જ એલર્ટ કર્યું જાહેર

ન્યુ દિલ્હી,તા.૨૭

ઠંડીથી હાલમાં તો કોઈ રાહત દેખાતી નથી. રવિવારથી ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થઈ રહ્યું છે, ત્યારબાદ પંજાબ, હરિયાણા અને ચંદીગઢ સહિત ઘણા રાજયોમાં વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે ૨૯ ડિસેમ્બરથી આ રાજયોમાં કોલ્ડવેવ અંગે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. હાડ થીજાવતી ઠંડી વચ્ચે રાજસ્થાનના ૬ શહેરોમાં તાપમાન ૫ ડિગ્રી નીચે આવી ગયુ છે, જયારે, પટના સહિત સમગ્ર બિહારમાં પારો ૧૦ ડિગ્રી પર આવી ગયો છે. આ ઉપરાંત હિમાચલના કિન્નૌર, લાહૌલ-સ્પીતી અને ચંબાના પર્વતોમાં હિમવર્ષા થઈ શકે છે. રાજ્યમાં ફરી ઠંડીની અસર વર્તાઇ રહી છે. તાપમાનનો પારો એકથી બે ડિગ્રી સુધી ઘટ્યા બાદ શનિવારે રાત્રે રાજસ્થાનના છ શહેરોમાં તાપમાન પાંચ ડિગ્રી નીચે રેકોર્ડ થયું હતુ. વાદળછાયા વાતાવરણને કારણે દિવસનું તાપમાન પણ ૧૮ થી ૨૦ ડિગ્રી વચ્ચે રહેવાની સંભાવના છે.

બીજી તરફ રાજસ્થાનમાં ગઈકાલે રાત્રે ફતેહપુરમાં ૧.૪ ડિગ્રી સાથે સૌથી ઠંડુ રહ્યું હતુ. જયપુરમાં તાપમાનનો પારો ૮.૪ ડિગ્રી નોંધાયું હતુ. હવામાન વિભાગે રાત્રીના તાપમાનમાં ૩ થી ૫ ડિગ્રી જેટલો ઘટાડો થવાની આગાહી કરી છે. રાજ્યમાં ઠંડી ફરી એકવાર તેની અસર બતાવી શકે છે. રવિવારે હરિયાણામાં વરસાદ પડાવની સંભાવના છે. વાદળછાયું બન્યા પછી, વરસાદની સિસ્ટમ અહીં સક્રિય થઈ છે. આને કારણે હરિયાણામાં વાદળછાયું વાતાવરણ છવાઈ શકે છે. રવિવાર અને સોમવારે હળવા વરસાદની શક્યતા છે. પટના સહિત સમગ્ર બિહારમાં તાપમાનનો પારો ૧૦ ડિગ્રીની નીચે ગગડ્યો છે.

લોકોને હાલમાં ઠંડીથી રાહત મળે તેવી કોઈ સંભાવના જણાઈ રહી નથી. હવામાનશાસ્ત્રીઓનું કહેવું છે કે પર્વતો પર થઈ રહેલી હિમવર્ષાની અસર મેદાની વિસ્તારોપર જોવા મળી રહી છે. શનિવારે ગયા બિહારનો સૌથી ઠંડો જિલ્લો રહ્યો હતો. પટનાનું લઘુતમ તાપમાન ૮.૨ ડિગ્રી સેલ્સિયસ હતું, જે સામાન્ય કરતા ૧.૨ ડિગ્રી ઓછું હતું. રાંચી સહિત ઝારખંડના મોટાભાગના જિલ્લામાં તાપમાન ૨૭ ડિસેમ્બરથી ૧ જાન્યુઆરી સુધી લાઘટમ તાપમાન ૧૦ થી ૧૧ ડિગ્રી વચ્ચે રહેવાની સંભાવના છે. જ્યારે, મહત્તમ તાપમાન ૨૫ થી ૨૬ ડિગ્રી વચ્ચે રહેવાની શકયતા છે. શનિવારે, રાંચીમાં મહત્તમ તાપમાન ૨૫.૪ ડિગ્રી નોંધાયું હતું, અને લઘુત્તમ તાપમાન ૯.૭ નોંધાયુ હતું. ૨૪ કલાકની અંદર રાંચીમાં તાપમાનમાં વધારો નોંધાયો છે.

# ચીનમાં સાત-મહિનાથી ફસાયા છે ૪૧ ભારતીય ખલાસીઓ

બીજિંગ,તા.૨૭

ચીનમાં મોટા જહાજોને લાંગરવા માટેના સ્થળ બોહાઈ-સી ખાતે છેલ્લા સાત મહિનાથી બે જહાજના ૧,૪૦૦ જેટલા વિદેશી ખલાસીઓ ફસાયા છે, જેમાં ૪૧ ભારતીય ખલાસીઓનો પણ સમાવેશ થાય છે. આ ખલાસીઓનો નજીકના ભવિષ્યમાં છૂટકારો થાય એવા કોઈ એંધાણ વર્તાતા નથી. આ બે જહાજ છે – સ્વિસ-ઈટાલીન માલિકીનું 'એમ.વી. એનેસ્ટેશિયા' અને ભારતીય ધ્વજ ધરાવતું જહાજ 'જગ આનંદ'. બોહાઈ-સી સ્થળ ચીનના બંદરગાહ શહેર જિંગતાંગથી આશરે ૩૦ કિ.મી. દૂર આવેલું છે. ગ્રેટ ઈસ્ટર્ન શિપિંગ કંપનીની માલિકીના 'જગ આનંદ' જહાજ પર ૨૫ ભારતીય ખલાસીઓ છે જ્યારે 'એનેસ્ટેશિયા' જહાજ પર ૧૬ ભારતીયો છે. આ બે જહાજ ઓસ્ટ્રેલિયન કોલસો લઈને ચીન આવ્યા છે, પરંતુ ઓસ્ટ્રેલિયા અને ચીન વચ્ચે સર્જાયેલા આર્થિક અને રાજકીય વિવાદોને કારણે આ બંને જહાજ બોહાઈ સમુદ્રકાંઠા નજીક અટવાઈ ગયા છે. ચીની સરકારે નક્કી કર્યું છે કે તે જહાજોમાંનો કોલસો ઉતારવા નહીં દે. પરિણામે બંને જહાજના ખલાસીઓને જહાજ પર પડ્યા રહ્યા સિવાય બીજો કોઈ છૂટકો રહ્યો નથી. અટવાયેલા ભારતીય ખલાસીઓને પાછા મોકલવામાં મદદરૂપ થવા ભારત સરકાર ચીની સરકાર સાથે વાતચીત કરી રહી છે, પરંતુ ચીનના સત્તાવાળાઓ જરાય મચક આપતા નથી.

# કેરળમાં બ્રિટનથી આવેલા ૮ અને કર્ણાટકમાં ૧૪ પ્રવાસી કોરોના પોઝિટિવ

ન્યુ દિલ્હી,તા.૨૭

બ્રિટનમાં સામે આવેલો કોરોના વાઈરસનો નવો સ્ટ્રેન દેશની સરહદો વટાવીને યુરોપ અને એશિયાના દેશો તરફ પ્રયાણ કરી ચૂક્યો છે ત્યારે ભારતની ચિંતામાં વધારો થાય તેવા અહેવાલો પ્રાપ્ત થયાં છે. ભારતમાં કોરોના વાઈરસનો સૌપ્રથમ કેસ નોંધાયો હતો તેવા કેરળમાં હવે કોરોના વાઈરસનો નવો સ્ટ્રેન મળી આવ્યો હોવાની શંકા રાજયના આરોગ્ય મંત્રી કે. કે. શૈલજા દ્વારા વ્યક્ત કરાઈ છે. તાજેતરમાં બ્રિટનથી કેરળ આવી પહોંચેલા પ્રવાસીઓ પૈકીના આઠના કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યાં હતાં. કોઝિકોડમાં આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરાયેલા રિસર્ચમાં જોવા મળ્યું છે કે કોરોના વાઈરસના પ્રકારમાં બદલાવ નોંધાયો છે.

આઠ કોરોના સંક્રમિત લોકોમાં વાઈરસ મ્યૂટેટ થયો હોવાનું સામે આવ્યું છે. જો કે આ કથિત કોરોના સ્ટ્રેન બ્રિટનમાં સામે આવેલો નવો વધુ ચેપી પ્રકારનો કોરોના વાઈરસ છે કે કેમ તે જાણવા માટે અમે આ દર્દીઓના સેમ્પલ પૂણે સ્થિત નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ વાઈરોલોજી ખાતે મોકલી આપ્યાં છે. તે ઉપરાંત અમે કેરળના તમામ જિલ્લામાં રિસર્ચની કામગીરી શરૂ કરી છે. બીજીતરફ કર્ણાટકમાં બ્રિટનથી આવેલા ૧૪ પ્રવાસીના કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યાં છે. રાજયના આરોગ્ય મંત્રી કે. સુધાકરે જણાવ્યું હતું કે, બ્રિટનથી આવેલા પ્રવાસીઓ પૈકીના ૧૪ના સેમ્પલ પોઝિટિવ આવ્યાં હતાં. તેમનામાં મળેલો વાઈરસ બ્રિટનનો નવો સ્ટ્રેન છે કે કેમ તે ચકાસવા માટે અમે તેમના સેમ્પલ પૂણે સ્થિત લેબમાં તપાસ માટે મોકલી આપ્યાં છે.

કર્ણાટકમાં કુલ ૨,૫૦૦ પ્રવાસી બ્રિટનથી પરત આવ્યાં છે અને તેમાંથી ૧,૬૩૮ પ્રવાસીના ટેસ્ટ કરાયાં હતાં. કોરોના સંક્રમિતોના સેમ્પલ વધુ જિનેટિક સિક્વન્સિંગ માટે એનઆઈએમએચએએનએસ ખાતે મોકલી અપાયાં છે. બ્રિટનના નવા સ્ટ્રેન પર ભારતમાં કોરોના ટાસ્ક ફોર્સે ગંભીર વિચારણા શરૂ કરીબ્રિટનમાં કોરોના વાઈરસના નવા સ્ટ્રેન અને કેરળમાં કોરોના વાઈરસમાં આવેલા બદલાવના પગલે આઈસીએમઆરે શનિવારે એક બેઠક બોલાવી હતી. બેઠકમાં કોરોના સેમ્પલ ટેસ્ટિંગ, દર્દીની સારવાર અને સર્વેલન્સ વ્યૂહરચના પર ગંભીર વિચારણા હાથ ધરાઈ હતી.

### બાંટવા નગરપાલિકાના ચીફ ઓફિસરનો સપાટો

# ભુતિયા નળ ધારકોને સાત દિવસમાં નળ જોડાણ નિયમિત કરી લેવા નોટીસો ઈશ્યુ કરી




બાંટવા નગરપાલિકાના નવનિયુક્ત ચીફ ઓફિસર એમ.એમ. વાઘેલા દ્વારા બાંટવા નગરપાલિકાના કર્મચારી મારફત ઘરે ઘરે નળ જોડાણ નો સર્વે કરી જે આસામી ના ગેરકાયદેસર પાણી ની લાઈનો માલુમ પડી છે. તેવા તમામ લોકોને નગરપાલિકા દ્વારા તાકીદ નોટીસ આપી દિવસ સાતમાં પોતાના ભુતિયા નળ જોડાણ કાયદેસર કરાવી લેવા કડક સુચના આપવામાં આવી છે.

આ બાબતે બાંટવા નગરપાલિકાના ઉપ પ્રમુખ રાજુભાઈ વાધવાણી તથા સદસ્યોશ્રીઓ દ્વારા પોતાના વિસ્તાર ના લોકોને ગેરકાયદેસર નળ જોડાણ કાયદેસર કરાવી લેવા રૂબરૂ બોલાવી ૧૨૦ જેટલા ભુતિયા નળ કનેકશનોના રૂ.૧૧૦૦ ભરી કાયદેસર કરવામાં આવેલ છે.

આ બાબતે નગરપાલિકા ના ચીફ ઓફિસર વાઘેલા એ જણાવેલ છે કે સરકારીશ્રી ના આદેશ મુજબ તા.૩૧/૧૨/૨૦૨૦ સુધીમાં તમામ ભુતિયા નળ જોડાણ ધારકોએ પોતાના નળ જોડાણ નિયમિત કરાવી લેવા નોટીસ માં જણાવેલ છે. તા.૩૧/૧૨/૨૦૨૦ પછી જે લોકો પોતાના નળ જોડાણ કાયદેસર નહી કરાવે તેવા તમામ લોકો પાસેથી ગુજરાત રહેણાંક પાણી વિતરણ (સંરક્ષણ) અધિનિયમ ૨૦૧૯ મુજબ સ્થળ પર જ દંડ વસુલ કરવામાં આવશે તેવું અખબારી યાદીમાં જણાવાયું છે.

તસ્વીર- અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર

# કરણી સેનાની રાત્રિ કર્ફ્યૂ રાતના ૧૧થી સવારના ૬ સુધી રાખવા મુખ્યમંત્રીને અપીલ

ગાંધીનગર,તા.૨૭

કોરોનાનું સંક્રમણ વધુ ફેલાય નહીં તે માટે રાજ્ય સરકારે ગુજરાતના ચાર મહાનગરો અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં રાતના ૯થી સવારના ૬ વાગ્યા સુધી રાત્રિ કર્ફ્યૂ લાગુ કર્યો છે. પરંતુ ગુજરાત રાજપુત કરણી સેનાએ રાત્રિ કર્ફ્યૂના સમયમાં ફેરફાર કરવા માગણી કરી છે. ગુજરાત રાજપુત કરણી સેનાએ નાના વેપારીઓને નુકસાન ન પહોંચે તે માટે ચાર મહાનગરોમાં રાત્રિ કર્ફ્યૂનો સમય રાતના ૧૧થી સવારના ૬ વાગ્યા સુધીનો રાખાવા મુખ્યમંત્રી વિજય રૂપાણીને અપીલ કરી છે.

ગુજરાત રાજપુત કરણી સેનાના પ્રદેશ અધ્યક્ષ જે.પી. જાડેએ જણાવ્યું હતું કે, હું રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીને એક અપીલ કરવા માગુ છું કે, કોરોના મહામારીમાં સરકારે ખબૂ જ સારા પ્રયત્નો કર્યા છે. પરંતુ હાલમાં ચાર મહાનગરોમાં કર્ફ્યૂ લાદવામાં આવ્યો છે તેમાં ફેરફાર કરીને રાતના ૯ વાગ્યાના બદલે રાતના ૧૧થી સવારના ૬ વાગ્યા સુધી રાખવામાં આવે. સાંજનો સમય એવો છે કે, સાંજના ૬થી ૯ વાગ્યા સુધીમાં નાના-મોટા કારખાનેદારો, ખાણીપીણીવાળા અને પાનના ગલ્લાવાળાઓને અસર કરે છે. આથી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને અપીલ કરૂ છું કે, રાતના ૧૧ વાગ્યાથી કર્ફ્યૂનો સમય રાખવામાં આવે તો લોકો માટે ખૂબ જ ઉપયોગી થશે.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સે મુખ્યમંત્રીને રાત્રિ કર્ફ્યૂની સમય મર્યાદામાં ફેરફાર કરવા રજૂઆત કરી હતી. તેમાં જણાવ્યું હતું કે, ૩ મહિનાના લોકડાઉનમાં વેપાર ઉદ્યોગ બંધ રહ્યા હતા. જેને કારણે વેપારમાં પારાવાર મુશ્કેલી પડી. હજુ આ મંદીમાંથી બહાર નીકળ્યા નથી એવામાં રાત્રી કર્ફ્યૂ લાદી દેવામાં આવ્યો છે જે પડ્યા પર પાટુ સમાન છે. અનેક ઈન્ડસ્ટ્રીઝમાં ત્રણ શિફ્ટમાં કામ ચાલતું હોય છે. તેઓને રાત્રે ઘરે પહોંચવામાં મુશ્કેલી પડી રહી છે. દુકાનદારો વેપારીઓ મોડે સુધી પોતાનો વેપાર કરી શકે આર્થિક ફટકામાંથી બહાર નીકળી શકાય એ માટે રાત્રી કર્ફ્યૂ હટાવવો જોઈએ અને એ શક્ય ન બને તેમ હોય તો કર્ફ્યૂનો સમય રાત્રિના ૧૧થી સવારના ૬ સુધી કરવો જોઈએ જેથી વેપારીઓને થતી હેરાનગતિમાં રાહત મળી શકે.


# વલસાડમાં હોલના ઉદ્દઘાટનઃ કોરોના ભુલાતા ભાજપના પ્રદેશ પ્રમુખ મંચ પર જ ન આવ્યા

ઉમરગામ,તા.૨૭

આદિજાતિ વિકાસ રમણ પાટકરની ઉપસ્થિતિમાં સાંસદ સી.આર.પાટીલના હસ્તે ઉમરગામ પાલિકામાં કુલ રૂ.૮૦૫.૮૪ લાખના ખર્ચને રસ્તા -પાણી અને ગટરના કાર્યોનું ખાતમુહૂર્ત/લોકાર્પણ કર્યુ હતું.જોકે, લોકાર્પણ બાદ મંચના કાર્યક્રમમાં ભાજપ પ્રમુખ હાજર રહ્યા ન હતાં. અક્રામારૂતિ સર્કલ પાસે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલનું સ્ટેચ્યું રૂ.૧૪ લાખ,વારોલી નદી ઈન્ટેકવેલથી અક્રામારૂતિ થઈ વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી પાણીની પાઈપલાઈન નાંખવાનું કામ રૂ.૯૫.૭૦ લાખ, વોર્ડ નં.૪માં દરિયા કિનારે વોટર એટીએમ લગાવવાનું કામ રૂ.૨.૯૫ લાખ, સ્મશાન ભૂમિનો જીર્ણોધ્ધાર રૂ.૮.૩૪ લાખ જ્યારે ખાતમુહૂર્ત કરાયેલા કામોમાં નગરપાલિકા ભવનનું ભૂમિ પૂજન રૂ.૯૪.૭૯ લાખ, કપિલેશ્વર તળાવથી ગોપાળ બાગ થઈ દહેરી રોડ સુધી બોક્ષ ડ્રેઈન તથા ડામર રોડ બનાવવાનું કામ રૂ.૧૫૧.૨૬ લાખ,હરીધામ સોસાયટીના પાછળના ભાગથી ક્લબ સુધી બોક્ષ ડ્રેઈન બનાવવાનું કામ રૂ.૨૩૨.૨૬ લાખ તેમજ યશોધામથી ગુલશન નગર સુધી ડામર રોડ,ડિવાઈડર તથા પ્રીકાસ્ટ ડ્રેઈન બનાવવાનું કામ રૂ.૨૦૬.૦૯ લાખનો સમાવેશ થાય છે. સી.આર.પાટીલે જણાવ્યુ હતું કે, વિવિધ વિસ્તારોમાં સ્થાપિત મહાપુરુષોની પ્રતિમા થકી આવનારી પેઢીને પ્રેરણા મળે છે. આ પ્રસંગે ઉમરગામ પાલિકા પ્રમુખ રામશબદ સિંહે સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી પાલિકા વિસ્તારમાં થઈ રહેલા કાર્યોની રૂપરેખા આપી હતી. કાર્યક્રમમાં સાંસદ ડૉ. કે.સી.પાટેલ,ધારાસભ્યો કનુભાઈ દેસાઈ, અરવિંદ પટેલ, ચીફ ઓફિસર વિપુલ પરમાર, ઉપપ્રમુખ જાગૃતિબેન, જિલ્લા ભાજપ હેમંત કંસારા, ઉમરગામ તાલુકા પ્રમુખ મુકેશ પટેલ, પ્રકાશ પટેલ, રામદાસ વરઠા,પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ મણિલાલ પટેલ,મહેશ ભટ્ટ,સમિતિ ચેરમેન, પાલિકા સભ્યો હાજર રહ્યા હતા. સોળસુંબામાં હોલના ઉદ્દઘાટન બાદ ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ જાહેર કાર્યક્રમમાં હાજર રહ્યા ન હતાં. જાહેર કાર્યક્રમમાં લોકોની ભીડ વધતા કોરોના ગાઈડલાઈન નિયમનું પાલન ન થતાં વિવેક બુદ્ધિ વાપરી તેઓ નિકળી ગયા હતાં.



**બેચરાજી તાલુકા ભાજપ કારોબારી ની બેઠક નું આયોજન મણિધર વિલેજ ખાતે કરવામાં આવ્યું.મહેસાણા જિલ્લા ભાજપ મહામંત્રી ઓ જે એફ ચૌધરી અને ભગાજી ઠાકોર ,મંત્રી ચંદ્રિકાબેન પટેલ , બેચરાજી તાલુકા ભાજપ પ્રમુખ શ્રી કેશુભાઇ પ્રજાપતિ સહિત તાલુકા ના સૌ કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા**




**દીવાન-બલ્લુભાઈ સેકન્ડરી સ્કૂલ (અંગ્રેજી માધ્યમ), પાલડી ખાતે ઓનલાઈન અભ્યાસને વધુ રોચક અને સક્રિય બનાવવા સાથે જ શાળાનો તાદર્શ અનુભવ આપવા અને શિયાળાની તાજગી સાથે સ્વાસ્થ્યમાં વૃદ્ધિ કરવા 'ઝુમ્બા ફિટનેસનુંલ્ર આયોજન થયું તેમાં પવન યાદવ અને વિધિ પાઠક દ્વારા સંગીતમય નૃત્ય સાથે અંગકસરત ના દાવ રજુ થયા. સાથે જ કોરોના મહામારીથી બચવા સંગીતમય સુરમ્ય કસરત નિર્દેશિત થઇ.**

# બેલ્યો ગામે ઘરમાં દેશી દારૂ ગળાતો હતો ને પોલીસ ત્રાટકતા બુટલેગર ફરાર

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં દેશી દારૂનો ધંધો મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારોમાં ધમધમી રહ્યો છે દેશી દારૂના ખપ્પરમાં અનેક પરિવારો બરબાદીના ખપ્પરમાં હોમાઈ ગયા છે જીલ્લામાં એસપી સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ જીલ્લામાં દેશી-વિદેશી દારૂની બદીને ડામવા શસ્ત્ર કાર્યવાહીના આદેશના પગલે પોલીસ દોડાદોડી કરી રહી છે મેઘરજ પોલીસે બેલ્યો ગામે રમેશ ડામોરના ઘર આગળ દારૂની ભઠ્ઠી ધમધમતી હોવાની બાતમી મળતા ત્રાટકી દારૂની ભઠ્ઠી તોડી પાડી હતી પોલીસ રેડ જોઈ બુટલેગર ફરાર થઈ ગયો હતો

મેઘરજ પીએસઆઈ એન એમ સોલંકી અને તેમની ટીમે બેલ્યો ગામે દેશી દારૂનો ગાળવાનો અને વેચવાનો વેપલો કરનાર રમેશ રતાભાઈ ડામોર ઘરે રેડ કરી ઘર આગળ ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી તોડી પાડી દેશી દારૂ ૫ લીટર અને દેશી દારૂ બનાવવા વપરાતો વોશ ૧૭૫ લીટર મળી કુલ રૂ.૭૫૦ /- નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો પોલીસ રેડ જોઈ બુટલેગર રમેશ રતાભાઈ ડામોર ફરાર થઈ જતા પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

# કોરોનાને પગલે આ વખતે નહિ યોજાય અમદાવાદમાં ફ્લાવર શો




અમદાવાદ,તા.૨૭

અમદાવાદના લાખ્ખો પ્રકૃતિ પ્રેમીઓ જેની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે તે ફ્લાવર શો આ વખતે નહીં યોજાય. દર વર્ષે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં અમદાવાદમાં ફ્લાવર શો યોજાય છે. આ ફ્લાવર શોની સંખ્યાબંધ લોકો મુલાકાત લેતા હોય છે. પરંતુ આ વખતે કોરોના મહામારીને કારણે ફ્લાવર શો રદ કરવામાં આવ્યો છે.

કોરોના મહામારી સતત તેને કહેર બતાવ્યો છે. જેને કારણે અનેક કાર્યક્રમો રદ કર્યા છે. ત્યારે કોરોનાને ધ્યાનમાં લઈને એએમસી ગાર્ડન વિભાગ દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. જાન્યુઆરી મહિનાના પ્રથમ સપ્તાહમાં યોજાનાર ફ્લાવર શો રદ કરવામાં આવ્યો છે. આ ફ્લાવર શોનો દૂર-દૂરથી લોકો મુલાકાત લેવા આવતા હોય છે. પરંતુ લોકોની ભીડ થવાને લઈ કોરોના સંક્રમણ વધી શકે છે. આ કારણથી ફ્લાવર શો રદ કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે દર વર્ષે ફ્લાવર શો અલગ અલગ થીમ પર યોજવામાં આવે છે. કોરોનાના કારણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા યોજવામાં આવતો કાર્નિવલ રદ કર્યો હતો. ત્યારે કાર્નિવલ બાદ જાન્યુઆરીમાં યોજાતો ફ્લાવર-શો પણ રદ કર્યો છે.. કોર્પોરેશન દ્વારા દર વર્ષે જાન્યુઆરી માસમા રિવરફ્રન્ટ ખાતે ફ્લાવર શોનું આયોજન કરવામા આવે છે. વિવિધ પ્રકારના ફુલ છોડનું પ્રદર્શન યોજવામાં આવે છે. જેને જોવા લાખોની સંખ્યામા લોકો આવતા હોય છે.

### અરવલ્લી :પોલીસના હાથપગ ભાંગી નાખનાર ખુંખાર

# બુટલેગર મહેશ ઉર્ફે કાળીયા અસારીને અઢી વર્ષ પછી દબોચતી એસઓજી પોલીસ



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં પોલીસે જ પોષીને મોટા કરેલા બુટલેગરો બેફામ બન્યા હતા અને પોલીસ પર જ હુમલો કરી ખાખી પર ભારે પડી રહ્યા છે ત્યારે એસપી સંજય ખરાતના આગમન પછી બુટલેગરો સામે શસ્ત્ર કાર્યવાહીના પગલે ફાટીને ધુમાડે ગયેલા અને કાયદાનો કોઈ ડર જ ન હોય તેવા બુટલેગરો ભૂગર્ભમાં ઉતરી ગયા છે જીલ્લા એસઓજી અને પેરોલ ફર્લો પોલીસે બાવળીયા ટોરડા ગામેથી બાતમીના આધારે અઢીવર્ષ અગાઉ ગાંધીનગર આર આર સેલના કોન્સ્ટેબલ પર હુમલો કરનાર ફરાર ધંધાસણના કુખ્યાત અને માથાભારે બુટલેગર મહેશ ઉર્ફે કાળીયા અસારીને દબોચી લીધો હતો

અઢી વર્ષ અગાઉ ગાંધીનગર આર આર સેલના કોન્સ્ટેબલ ઈમરાન નજામીયા ખોખર ખાનગી કારમાં ખાનગી માણસો સાથે ભિલોડા ધોલવાણી નજીક દારૂ ભરેલી ઈકો કારને અટકાવવાનો પ્રયાસ કરતા ઈકો કાર ચાલકે કાર હંકારી મુકતા આર આર સેલના કોન્સ્ટેબલ ઈમરાન ખોખરે ખાનગી કારમાં પીછો કરતા પાછળ બુટલેગરો જીપમાં પહોંચી કારને આંતરી જીપમાં અને ઈકો કારમાં રહેલા બુટલેગરોએ ઈમરાન ખોખર અને ખાનગી માણસ પર જીવલેણ હુમલો કર્યો હતો જે અંગે શામળાજી પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધી હુમલો કરનાર કેટલાક બુટલેગરોને દબોચી લીધા હતા જીલ્લા એસઓજી પીઆઈ જે પી ભરવાડને આર આર સેલના પોલીસકર્મી પર હુમલો કરનાર અને છેલ્લા અઢી વર્ષથીં નાસતો ફરતો ધંધાસણના મહેશ ઉર્ફે કાળીયા અસારી નામનો બુટલેગર બાવળીયા ટોરડા ગામે હોવાની બાતમી મળતા એસઓજી અને જીલ્લા પેરોલ ફર્લો ટીમે બાવળીયા ટોરડા ગામે ત્રાટકી બાતમી આધારીત જગ્યાને કોર્ડન કરી મહેશ ઉર્ફે કાળીયો કમજી અસારીને ઈગુજકોપ પોકેટકોપની મદદથી બાવળીયા ટોરડા ગામે થી ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો

ગાંધીનગર આર આર સેલમાં ફરજ બજાવતા પોલીસકર્મી પર બુટલેગરોના હુમલા પછી તરહ તરહની ચર્ચાઓ પોલીસબેડામાં ચર્ચાઈ રહી હતી અને રેડ પર પણ અનેક સવાલો ઉઠ્યા હતા

# પાટણના ત્રિસ્તુતિક જૈન ઉપાશ્રયમાં મુનિરાજ ચારિત્રરત્ન વિજયજી મહારાજના ૨૯માં દિક્ષા વર્ષની ઉજવણી થઈ

પાટણ ના પંચાસરા જૈન મંદિર પાસે આવેલ ત્રિસ્તુતિક જૈન ઉપાશ્રય માં બિરાજમાન જૈનાચાર્ય શ્રી જયન્તસેન સૂરીશ્વરજી મહારાજ ના શિષ્ય મુનિરાજ શ્રી ચારિત્રરત્ન વિજય જી મહારાજ નાં દિક્ષા જીવન ના ૨૮ વર્ષ પુર્ણ કરી ને ૨૯ માં વર્ષ નો પ્રારંભ થતાં ત્રિસ્તુતીક જૈન સંઘ પાટણ વતી ઉજવણી કરવામાં આવી, આ પ્રસંગે મુનિરાજ શ્રી ના સંસારી પરિવાર બનાસકાંઠા જિલ્લા ના થરાદ તાલુકા માં આવેલ નારોલી ગામ ના વતની વોહેરા કીર્તીલાલ નરસીંગભાઈ પરિવાર તરફથી અબોલ પશુઓ ને ઘાસ ચારો અને શાકભાજી ખવડાવવા માં આવી તેમજ જનસેવા ના કાર્ય માં ભિક્ષુકો ને કંબલ અને માસ્ક વિતરણ કરવામાં આવ્યા,મધ્યમ વર્ગના ૨૯ પરિવાર ને ૨૯ કિલો ની રાશન સામગ્રી અને ભિક્ષુકો ને મિષ્ટાન્ન આપવામાં આવ્યું , ધાર્મિક કાર્યક્રમ માં આયંબિલ તપ ની તપસ્યા કરાવવામાં આવી જેમા જૈન સંઘ ના અનેક લોકો જોડાયા તેમજ પંચાસરા મંદિર માં ભગવાન ની અંગરચના કરવામાં આવી, બપોરે ત્રિસ્તુતિક જૈન ઉપાશ્રય માં દિક્ષા જીવન ની



અનુમોદના નો કાર્યક્રમ થયો જેમાં સાધુ સાધ્વીજી સહિત ભાઈ બહેનો પણ ઉપસ્થિત રહ્યા, મુનિરાજ શ્રી નો જન્મ ઉત્તર ગુજરાત ના બનાસકાંઠા જિલ્લા ના નારોલી ગામ માં શ્રેષ્ઠીવર્ય કીર્તીલાલ ના ધર્મપત્ની તારાબહેન ની કુક્ષી થી સંવત ૧૯૩૪ નાં કારતક સુદ ચોથના દિવસે થયો હતો અને દિક્ષા પુર્વ તેઓનું નામ નીતીનકુમાર હતું , તેઓએ પ્રારંભિક શિક્ષણ નારોલી ની પ્રાથમિક શાળા અને ઉત્તર બુનિયાદી વિદ્યાલય માં કરેલ ત્યાર બાદ રાષ્ટ્રસંત ના નામ થી વિખ્યાત એવાં જૈનાચાર્ય શ્રી જયન્તસેન સૂરીશ્વરજી મહારાજ ના ઉપદેશ ને શ્રવણ કરી ને તેઓના સાનિધ્ય માં ધાર્મિક અભ્યાસ ગ્રહણ કરી ને સન્ ૧૯૯૨ ના ૫ ડિસેમ્બર ના રોજ સુરત મુકામે દિક્ષા સ્વીકાર કરી ને મુનિરાજ શ્રી ચારિત્ર રત્ન વિજય જી મહારાજ નાં નામે પ્રસિદ્ધ થયાં, દિક્ષા જીવન ના ૨૮ વર્ષ દરમ્યાન ભારત નાં ગુજરાત કર્ણાટક રાજસ્થાન સહિત આઠ રાજ્યોમાં ૪૫૦૦૦ હજાર થી અધિક કિલોમીટર ની પદયાત્રા કરી, મુનિરાજ શ્રી એ જૈન ધર્મ ની કઠીન તપસ્યા માં કર્ણાટક ના બેંગલોર નગરે ૬૯ ઉપવાસ ની દિર્ઘ તપસ્યા કરેલ જેની પુર્ણાહુતી માં ભારત ના પુર્વ પ્રધાનમંત્રી એચ ડી દેવગોડા એ ઉપસ્થિત રહી ને અનુમોદના કરેલ, મુનિરાજ શ્રી ની પ્રેરણા થી સામાજિક ધાર્મિક અને જનસેવા જીવદયા આદિ કાર્યક્રમ નિરન્તર થઈ રહ્યા છે, મુનિરાજ શ્રી નાં દિક્ષા દિવસે જૈન સમાજ તેમજ પાટણ ના અનેક નાગરિકો સહિત પ્રશાસન અને રાજકીય અગ્રણીઓ એ ત્રિસ્તુતિક ઉપાશ્રયે ઉપસ્થિત રહી ને દિક્ષા જીવન ની અનુમોદના કરી.

# સમસ્યા નિવારણ મંચ,સિદ્ધપુરની રજૂઆતોને ધ્યાને લઈ ભૂતપૂર્વ વર્લ્ડ હેરિટેજ યુનેસ્કોના ચેરમેન સિદ્ધપુર જોવા આવ્યા

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

આજે સમસ્યા નિવારણ મંચ,સિદ્ધપુર દ્વારા વારંવાર રજૂઆતોને ધ્યાને લઈ સિદ્ધપુરમાં ભૂતપૂર્વ વર્લ્ડ હેરિટેજ યુનેસ્કોના ચેરમેનશ્રી તાહેર નિજામુદ્દીન( હૈદ્રાબાદ વાલા) આવ્યા હતાં જેમની સાથે ભારતીય પુરાતત્વ વિભાગ ઉત્થાન શાખા ૫ ના સુપ્રી.અધિક્ષકશ્રી અભીજીત એસ. આંબેકર પુરાતત્વવિદ ગુજરાત અને એમની ટીમ આવી હતી. જેમને સમસ્યા નિવારણ મંચ,સિદ્ધપુરના અલ્પેશ સોલંકી દ્વારા સિદ્ધપૂરના વિવિધ





ઐતિહાસિક મકાનો બતાવ્યા હતા. સિદ્ધપુર વ્હોરવાડ ના મકાનો જોઈ આખી ટીમ ખુશ થઈ હતી અને ખાસ કરીને શેઠશ્રી હરરવાલા ત્રણ ખુણાંનો મહેલ અને વાઘ શેઠનું મકાન જોઈ ખૂબ જ અભિભૂત થયા હતા અને આ સિદ્ધપુરને યોગ્ય રજુઆત દ્વારા હેરિટેજ શહેર બને એ માટે જરૂરી કાર્ય કરવા માટેના અમૂલ્ય સૂચનો સમસ્યા નિવારણ મંચ,સિદ્ધપુર ના અલ્પેશ સોલંકી સાથે ચર્ચા કરી હતી અને વાઘ શેઠના મકાનમાં યુસુફભાઈ ઘી વાલાની મહેમાનગતિને ખૂબ જ આનંદથી માણી હતી અને યુસુફભાઈ ઘી વાલા એ દાઉદી વ્હોરા સમાજના ઐતિહાસિક વારસાની જાણકારી ટીમને આપી હતી. અને સમસ્યા નિવારણ મંચ દ્વારા આવનાર ટીમને સિદ્ધપુર પર જોયેબ કાદી દ્વારા બનાવવામાં આવેલ પુસ્તક પણ બતાવવામાં આવ્યું હતું અને સિદ્ધપુરના તૂટેલા મકાનો જોઈ નિશાશો નાખતા જોવા મળ્યા હતા આ હેરિટેજ ટીમના સદસ્યો. હમણાં આ આખી ટીમ વડનગરમાં ખોદકામ કરીને અમૂલ્ય સંસ્કૃતિ શોધવાનું કામ કરી રહી છે અને આગામી સમયમાં સિદ્ધપુરને હેરિટેજ શહેર બનાવવા માટે શું શું કરવું અને કેવી રીતે કરવું એની ખૂબ જ સુંદર ચર્ચા સમસ્યા નિવારણ મંચ,સિદ્ધપુરના અલ્પેશ સોલંકી સાથે આવનાર અધિકારીઓ સાથે થઈ હતી.

આ ટીમે સિદ્ધપુરની જાહોજલાલીની સાક્ષી આપનાર ધરોહર રુદ્ર મહાલયની પણ મુલાકાત લીધી હતી અને આ પુરાતત્વ ટીમ સાથે દિનેશભાઈ મોદી જેઓ મૂળ સિદ્ધપુરના પણ હમણાં વડોદરા સ્થાઈ થયેલ છે જેઓ વડનગરમાં પુરાતત્વ વિભાગની સાઈડ પર સ્ટોર કીપર તરીકે ફરજ બજાવે છે અને બ્રાશમેન વિપુલભાઈ રાણા સાથે ટીમના અન્ય સદસ્યો હાજર રહ્યા હતાં.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.